




Sunday, 11 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષ: ૨૩ ● અંક: ૨૨ ● સંવત-૨૦૮૨ પોષ વદ આઠમ ● Web: www.vartmanpravah.com

vartmanpravah @VartmanPravahD




મહાન કાર્ય માટે પવિત્ર ધ્યેય અને નિષ્ઠા જરૂરી છે, અન્યથા તે માત્ર એક યાત્રા બની રહે છે.
-મહાત્મા ગાંધીજી

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરાઈ







(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગીરસોમનાથ, તા.૧૦**

પ્રથમ જ્યોર્તિલિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના પાવન સાનિધ્યમાં ભક્તિ, શક્તિ અને ટેકનોલોજીનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. દેશના વડાપ્રધાન અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ''સોમનાથ સ્વાભિમાન પર્વ'' ની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લોકોનું ઘોડાપુર ઉમટ્યું હતું.

આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રાત્રિના સમયે યોજાયેલ અત્યાધુનિક ડ્રોન શો રહ્યો હતો. અંધકારભર્યા આકાશમાં સેંકડો ડ્રોન્સ દ્વારા સોમનાથ મંદિરની ૧૦૦૦ વર્ષની 'સ્વાભિમાન યાત્રા'નું સચિત્ર અને ભાવસભર નિરૂપણ કરવામાં આવ્યું હતું. આકાશમાં સર્જાયેલી દિવ્ય આકૃતિઓએ સમગ્ર પ્રભાસ ક્ષેત્રને ભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવથી



ઝળહળતું કરી દીધું હતું. ઉપસ્થિત સૌ કોઈ આ નયનરમ્ય નજારો જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં 'સ્વાભિમાન પર્વ' ઉજવાઈ રહ્યો છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે છે. આજે સાંજે તેઓ રાજકોટથી હેલિકોપ્ટર મારફતે સોમનાથ પહોંચ્યા. હેલિપેડથી સોમનાથ મહાદેવ મંદિર સુધી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો રોડ શો પણ યોજાયો હતો. સોમનાથ મંદિર પહોંચી વીઆઈએ ગેસ્ટહાઉસમાં સોમનાથ ટ્રસ્ટ બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અધ્યક્ષતા કરી હતી. જે બાદ વડાપ્રધાનશ્રીએ હમીરજી સર્કલથી પગપાળા સોમનાથ મંદિરે ગયા હતા જ્યાં સોમનાથ મહાદેવના દર્શન કરી આરતી પૂજન કર્યા હતા. મંદિર પરિસર હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યું હતું. બાદમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મંદિર પરિસરની ખુલ્લી જગ્યામાં ઓમકાર મંત્રના જાપ કર્યા હતા અને ડ્રોન શો નિહાળ્યો હતો.આ ડ્રોન-શોમાં કુમારપાળ સોલંકી, માતા અહિલ્યાબાઈ હોલકર અને વીર હમીરજી ગોહિલ, સરદાર પટેલની ઝાંખી દર્શાવાઈ હતી. જે બાદ ભવ્ય આતશબાજી પણ માણી હતી.

સોમનાથ મંદિરમાં ૭૨ કલાકના ઓમકાર જાપ અનુષ્ઠાનમાં સહભાગી થયા હતા જે બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હાથમાં ત્રિશુળ ઉપાડ્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયા પછી વડા-ધાન મોદી સર્કિટ હાઉસમાં રાત્રિ રોકાણ માટે રવાના થયા હતા.

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત મંદિર પરિસર ખાતે દરરોજ રાત્રે આયોજિત થતી સાંસ્કૃતિક કાર્યક્રમોની શ્રેણીમાં ૯ જાન્યુઆરીની રાતે સાગર, સોમનાથ અને સંગીતનો અનોખો તથા અલૌકિક સમન્વય સર્જાયો હતો. સાગરની લહેરોની ગર્જના, સોમનાથ મહાદેવની પાવન હાજરી અને સંગીતની સુમધુર સૂરલહેરીઓએ સમગ્ર પરિસરને આધ્યાત્મિક અને સાંસ્કૃતિક ઊર્જાથી ભરપૂર બનાવી દીધું હતું. આ ભવ્ય સાંસ્કૃતિક સાંજમાં પ્રખ્યાત ગાયક કીર્તિ સાગઠીયા તથા લોકપ્રિય લોકગાયક કરશન સાગઠિયાની જોડીએ મહાદેવના ભાવસભર ભજનો, વિવિધ ગરબા અને લોકપ્રિય ગીતોની મનમોહક રજૂઆત કરી હતી. સાથે જ કલાકાર હાર્દિક દવેએ શિવ સ્તુતિ, શિવ ભજન અને પાનબાઈના ભજનની રંગત જમાવી હતી, જેમાં એકતારાના સૂરે અલગ જ ભક્તિમય માહોલ બાંધ્યો હતો. કાર્યક્રમના અંતમાં જાણીતા લોક સાહિત્યકાર રાજભા ગઢવીએ લોક સાહિત્યના વિવિધ રસની શૈલીમાં રજૂઆત કરી હતી જેને ઉપસ્થિત સૌ કોઈએ મન ભરીને માણી હતી. રાજભા ગઢવીએ સોમનાથના ઐતિહાસિક પ્રસંગો

- (વધુ પાના ૨ પર)

# દાદરા નગર હવેલીની પંચાયતોમાં વોર્ડ સભ્ય માટે પેટા ચૂંટણી યોજાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**

દાદરા નગર હવેલી ચૂંટણી વિભાગ દ્વારા જારી કરાયેલ યાદી મુજબ પંચાયતમાં વોર્ડ સભ્ય માટેની ખાલી પડેલ સીટો પર પેટા ચૂંટણી યોજવામા આવશે.

જેમા ગલોન્ડા પંચાયતમાં વોર્ડ નંબર ૦૪ અને ૦૭, ખાનવેલમાં વોર્ડ નંબર ૦૬, ૦૭, ૦૮ અને ૦૯માં રાંધામા વોર્ડ નંબર ૦૫, વાસોણા પંચાયતમાં વોર્ડ નંબર ૦૧. ૦૨, ૦૩ અને ૦૬માં ચૂંટણી યોજાશે આ ચૂંટણી માટે ૧૬ જાન્યુઆરીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી નોમિનેશન માટે ફોર્મ ભરી શકાશે.૧૭ જાન્યુઆરીના રોજ ફોર્મ ચકાસણી થશે અને ૧૯ જાન્યુઆરીના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધીમા ઉમેદવાર ફોર્મ પરત ખેચવું હોય તો ખેંચી શકાશે. ૦૮ ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦વાગ્યા સુધી ચૂંટણી થશે અને ૧૩ ફેબ્રુઆરીના રોજ ચૂંટણીનું પરિણામ જાહેર કરવામા આવશે.

# દાનહમાં યોજાનાર પેટા ચૂંટણી સંદર્ભે ભાજપ દ્વારા બેઠકનું આયોજન કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૦**






દાદરા નગર હવેલી ચૂંટણી વિભાગ દ્વારા જારી કરાયેલ યાદી મુજબ પંચાયતમાં વોર્ડ સભ્ય માટેની ખાલી પડેલ સીટો પર પેટા ચૂંટણી યોજવામા આવશે.

જેમા ગલોન્ડા પંચાયતમાં વોર્ડ નંબર ૦૪ અને ૦૭, ખાનવેલમાં વોર્ડ નંબર ૦૬, ૦૭, ૦૮ અને ૦૯માં રાંધામા વોર્ડ નંબર ૦૫, વાસોણા પંચાયતમાં વોર્ડ નંબર ૦૧. ૦૨, ૦૩ અને ૦૬માં ચૂંટણી યોજાશે આ ચૂંટણી માટે ૧૬ જાન્યુઆરીના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યાથી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી નોમિનેશન માટે ફોર્મ ભરી શકાશે.૧૭ જાન્યુઆરીના રોજ ફોર્મ ચકાસણી થશે અને ૧૯ જાન્યુઆરીના રોજ બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધીમા ઉમેદવાર ફોર્મ પરત ખેચવું હોય તો ખેંચી શકાશે. ૦૮ ફેબ્રુઆરીને રવિવારના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૫:૦૦વાગ્યા સુધી ચૂંટણી થશે અને ૧૩ ફેબ્રુઆરીના રોજ ચૂંટણીનું પરિણામ જાહેર કરવામા આવશે.


# દીવ ખાતે ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬માં ઉત્તર પ્રદેશના અનુરાગ સિંહ અને કર્ણાટકના અસ્મિતા ચંદ્રાએ ઓપન વોટર સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૦**

ઓપન વોટર અથવા સી સ્વિમિંગનો ઉલ્લેખ સામાન્ય રીતે સહનશક્તિ સ્વિમિંગ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેને મિહિર સેન અને બુલા ચૌધરી જેવા લોકો દ્વારા લોકપ્રિય બનાવવામાં આવ્યું છે, જેમણે દાયકાઓ પહેલા ઇંગ્લિશ ચેનલ જીતી હતી. ત્યારથી, સ્વિમિંગ ઉત્સાહીઓ ધરમતારથી ગેટવે સુધીના મોજાઓનો સામનો કરી રહ્યા છે, સમુદ્ર જીતીને પોતાનું નામ બનાવવાની આશામાં, અંતર તરવામાં સૌથી નાની ઉંમરના હોવાનો રેકોર્ડ તોડીને. તે સપનાઓને ત્યારે ફટકો પડ્યો જ્યારે ઇંગ્લિશ ચેનલે એક નિયમ બનાવ્યો કે ફક્ત ૧૪ વર્ષથી વધુ ઉંમરના લોકો જ તરવાનો પ્રયાસ કરી શકે છે અને મોટાભાગના અન્ય અભિયાનો આ નિયમનું પાલન કરવાનું શરૂ કર્યું.

મહારાષ્ટ્રની ટીમ મેનેજર નેહા સપ્તે તેમાંથી એક હતી જેમણે વય નિયમ લાગુ થયા પહેલા માત્ર નવ વર્ષની ઉંમરે ધરમતારથી ગેટવે સુધી તરીને ભાગ લીધો હતો. તે નિયમને કારણે, હું શૂટિંગ તરફ વળી ગઈ અને મને ખુશી છે કે મેં તે રમતમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. પરંતુ ઓપન વોટર સ્વિમિંગ હવે એક ઓલિમ્પિક શિસ્ત છે, જે ૨૦૦૮ બેઈજિંગ ગેમ્સમાં રજૂ કરવામાં આવી હતી અને તેમાં સમુદ્ર અથવા નદીમાં ૧૦ કિમી સર્કિટ કોર્સનો સમાવેશ થાય છે. અને તે પૂલ તરવૈયાઓને આ શિસ્ત તરફ આકર્ષવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે અને ધ્યાન હવે અભિયાનથી સ્પર્ધા તરફ વળી રહ્યું છે.

ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬માં, ઉત્તરપ્રદેશના અનુરાગ સિંહ અને કર્ણાટકના અશિમતા ચંદ્રા, જેમણે ભૂતકાળમાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ અને ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં મેડલ જીત્યા હતા, તેમણે પુરુષો અને સ્ત્રીઓ ૧૦ કિમી દોડમાં ગોલ્ડ મેડલ જીત્યા હતા.

અનુરાગ અને અશિમતા બંનેએ પૂલમાં ઈવેન્ટ માટે તાલીમ લીધી, સહનશક્તિ તાલીમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું જ્યાં તેઓ દિવસમાં બે કે ત્રણ વાર પાણીમાં લગભગ છ થી સાત કલાક વિતાવશે. અનુરાગે ગોલ્ડ જીતવા માટે ૨:૨૨:૦૨ સેકન્ડનો સમય નક્કી કર્યો હતો, જ્યારે અશિમતાએ ૨:૪૬:૩૪ સેકન્ડનો સમય નક્કી કર્યો હતો.

પૂલથી ખુલ્લા પાણીમાં સ્થળાંતર કરવું કેટલું મુશ્કેલ છે તે એ હકીકત પરથી સમજી શકાય છે કે સ્વિમિંગ પુલમાં, રેસ માટેનું સૌથી લાંબુ અંતર ૧૫૦૦ મીટર છે જ્યારે ઓલિમ્પિક ચળવળ ઓપન વોટર સ્વિમિંગમાં ફક્ત ૫ કિમી અને ૧૦ કિમીનું અંતર ઓળખે છે.

ચાર ઓપન સ્વિમિંગ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ ચૂકેલી અશિમતાએ પૂલમાં તરવા અને સમુદ્ર વચ્ચેના ટેકનિકલ તફાવતને સમજાવ્યો. 'સમુદ્રમાં મોજા અને

- (વધુ પાના ૨ પર)


તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

ટૂંક સમયમાં વાંચો

અમારા સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતની કલમે

દમણ જિલ્લાની ગત ચૂંટણીમાં મરવડની મગજમારી, વરકુંડની સાડાબારી, દુણેઠાના દમથી લઈ દરેક બેઠકોના પક્ષ-અપક્ષના ઉમેદવારોની પસંદગીથી લઈ પરિણામ સુધી કરેલા અભ્યાસનો નિચોડ

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દમણ-દીવની બેઠક ઉપરથી ભાજપનો 'નાલેશી' ભરેલો પરાજય અને દમણની જિલ્લા પંચાયતોની ૧૦ બેઠક તથા ૯ ગ્રામ પંચાયતોના સરપંચોનો બિનહરિફ વિજય ફક્ત ૬ જિલ્લા પંચાયત અને ૭ ગ્રામ પંચાયતોના સરપંચોની થયેલી ચૂંટણીમાં મરવડની મગજમારી, વરકુંડની સાડાબારી, દુણેઠાના દમથી લઈ સોમનાથની શરમ અને દાભેલના દબદબાથી લઈ બીજા અનેક પક્ષ-વિપક્ષ દ્વારા થયેલા કાવા-દાવા અને રાજકીય કારકિર્દી ખતમ કરવાના પેતરાં સુધીના લેખાં-જોખાં સાથેની રસપ્રદ માહિતી સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતે ચૂંટણી પહેલાં અને ચૂંટણી દરમિયાન કરેલા અભ્યાસનો નિચોડ વાંચવા...

જોતા રહો..... 'વર્તમાન પ્રવાહ'




## સુવિચાર - સદ્‌વિચાર

**ગઝલ એ વિરહની દર્દમય ખુમારીને લલકારવા માટે ઘણું અનુકૂળ વાહન છે.**

## કવિતા

દર્દ એવું કે કોઈ ના જાણે, હાલ એવો કે બધા જાણે.
શું થયું ? તેય ક્યાં ખબર છે મને, શું થવાનું હશે ખુદા જાણે.
આ ભટકવું રઝળવું ચારે તરફ, તારી પાસે રહી ગયા જાણે.
વાત આવી જ હો તો શું કહીએ! એ નથી કઈ જ જાણતા જાણે !

**- અબ્બાસ વાસી 'મરીઝ'**

વસમી છતાંય મીઠી એક વાત મેળવી છે,
આંખો નથી મિલાવી સોગાત મેળવી છે.
મ્હેકે ન કેમ કળીઓ, બહેકે ન કેમ આલમ !
મેં મયકદા કનેથી આ રાત મેળવી છે.

**- અમૃત ઘાયલ**

## આજની જોક

પત્નીને ખુશ રાખવાના ઉપાયો..!!! ૩...

એક હાથથી ભાખરી ન તૂટતી હોય તો બીજો હાથ વાપરો ને ! ભગવાને બે હાથ શેના માટે આપ્યા છે?

કામવાળો રજા ઉપર હોય તો ઘરમાં એક જ વાર ચા પીવો.

ઓફિસનુ કામ ઘરે ન લાવો. શક્ય હોય તો ઘરનુ કામ ઓફિસ લઈ જાવ.

તમારી વાત ટુંકમાં કરો.

## આજનો દિન વિશેષ

# ડૉ વર્ગીસ કુરિયન



ગુજરાત બહાર જન્મ્યા છતાં ડો. વર્ગીસ કુરિયને લગભગ છ દશકા ગુજરાતમાં વસીને શ્વેતક્રાંતિના ક્ષેત્રે ગુજરાતને ભારતમાં શિખરે મૂક્યું. વિશ્વમાં અમૂલ મારફતે આણંદને જાણીતું કર્યુ. દૂધ દ્વારા ભારતમાં શ્વેતક્રાંતિ લાવીને કરોડો ખેડૂતો અને ભૂમિહીન શ્રમજીવીઓના જીવનમાં સુરખી લાવ્યા. ભેંસના દૂધમાંથી વિશ્વમાં સૌ પ્રથમવાર બેબી ફૂડ, દૂધનો પાવડર અને ચીઝ બનાવવામાં સફળતા મેળવી. આમ કરીને નેધરલેન્ડ, ન્યૂઝીલેન્ડ, ડેન્માર્ક જેવા દૂધ ઉત્પાદક રાષ્ટ્રોની દૂધની બનાવટોની ઈજારાશાહી તોડી. ડો. કુરિયન ૧૯૨૧માં કેરળના કાલિકટમાં જન્મ્યા. ખેતપેદાશની પ્રક્રિયા કે દૂધની પ્રવૃત્તિ ખાનગી હાથોમાં પડે કે સરકારીકરણ દ્વારા ચાલે તો ખેડૂતોનાં હિતો જોખમાય માનીને તેઓ આજીવન સ્થાપિત હિતો કે સરકારીકરણ સામે લડ્યા. ૧૯૪૯માં ડો. કુરિયન અમૂલમાં જોડાયા ત્યારે રોજનું ૮૦૦ લીટર દૂધ થતું. જે અત્યારે ૩૦ લાખ લિટર ઉપર પોહચ્યું છે. દૂધ વધારવા તેમણે અમૂલ દાણની ફેક્ટરી નાંખી. અમૂલમાં તેમને જ્યારે નોકરી મળી ત્યારે ૬૦૦ પગાર મળતો. મિલ્ક માર્કેટિંગ ફેડરેશન એમણે સ્થાપ્યું. સમગ્ર ગુજરાતના ડેરી ઉદ્યોગને લાભ થાય તે માટે. આ નવી સંસ્થાને ના પોષાય માની માત્ર માસિક પાંચ હજાર રૂપિયા પગાર લેતા. ડો. કુરિયન અર્થલોભી કે સ્વાર્થી ન હતા. ૬૦ વર્ષની વયે નિવૃત્ત થયા ત્યાં સુધી પગાર, પણ પછીનાં વર્ષ વિના પગારે અમૂલમાં કામ કર્યુ.૧૯૬૯માં ત્યારના વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના સૂચનથી તેમણે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (એનડીડીબી) સ્થાપવા સરકારને સાથ આપ્યો. આવા રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડનું કાર્યાલય દિલ્હીમાં રાખવાનું હોય. ડો. કુરિયને પોતે આણંદમાં એ રખાય તો જ જવાબદારી લેવા જણાવ્યું. એમને ત્યારે અમૂલ છોડવું ન હતું. સરકારે તેથી આવા રાષ્ટ્રીય કોર્પોરેશનનું કાર્યાલય આણંદમાં રાખ્યું. આમાં ૩૩ વર્ષ એના મેનેજિંગ ડિરેક્ટર તરીકે વિના પગારે કામ કર્યુ. એનડીડીબીનો વિકાસ કર્યો અને કરોડો રૂપિયાનો નફો કરતી સંસ્થા બનાવી. જેના ઉપક્રમે ભારતમાં ઠેર ઠેર સહકારી ધોરણે દૂધ ઉત્પાદક સંઘ સ્થપાયા. ડો. વર્ગીસ કુરિયન પાસે ૧૪ જેટલી માનદ્ ડોક્ટરેટની પદવી છે. જેમાંની અડધોઅડધ કેનેડા, ઈંગ્લેન્ડ, યુએસએ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોની યુનિવર્સિટીઓએ આપેલી. ૧૫ જેટલી સંસ્થાઓમાં તેઓ ચેરમેન હતા અને એટલી બીજી સંસ્થાઓમાં વાઈસ ચેરમેન હતા. સંખ્યાબંધ સ્થળે ડિરેક્ટર હતા. પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણ અને કૃષિરત્ન જેવાં મોટાં સન્માન એમને પ્રાપ્ત થયા હતાં. રેમેન મેગ્સેસે એવોર્ડ, નેધરલેન્ડનો વોટલેર પીસ પ્રાઈઝ એવોર્ડ, વર્લ્ડ ફૂડ પ્રાઈઝ એવોર્ડ, જાપાનનો ૨૦૦૦નો પ્રાદેશિક એશિયન પ્રોડક્ટિવિટી એવોર્ડ અને બીજા એટલા બધા એવોર્ડ કે યાદી કરતાં પાનાં ભરાઈ જાય. આ બધુ ડો. કુરિયનને પ્રાપ્ત થયું છે. મધર ડેરી એનડીડીબીની રજિસ્ટર્ડ કંપની બની.

### અઠવાડિયામાં ૫ દિવસ વર્કિંગ ડે રાખવાની માગણી

# કેન્દ્ર સરકારના મૌન બદલ ૨૭ જાન્યુઆરીએ બેન્કોની હડતાળ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

બેન્ક કર્મચારીઓ દ્વારા પાંચ દિવસનું કાર્યસપ્તાહ કરવાની માંગણી બાબતે કેન્દ્ર સરકાર છેલ્લા દસ વર્ષથી મૌન સેવી રહી છે. આ વલણના વિરોધમાં આગામી ૨૭મી જાન્યુઆરીએ બેન્ક કર્મચારીઓએ રાષ્ટ્રવ્યાપી હડતાલનું એલાન આપ્યું છે. જોકે બેન્ક મેનેજમેન્ટ આ પ્રસ્તાવ પર સહમત થઈ ગયું છે, પરંતુ કેન્દ્ર સરકાર તરફથી હજુ સુધી મંજૂરી ન મળતા કર્મચારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે અને તેના વિરોધમાં આ હડતાલ પાડવામાં આવશે.

ઓલ ઈન્ડિયા બેન્ક એમ્પ્લોયી એસોસિયેશનના મહામંત્રીના જણાવ્યા અનુસાર, જો શનિવારે રજા આપવામાં આવે તો બેન્કના કર્મચારીઓ બાકીના પાંચ દિવસ દરમિયાન રોજની ૪૦ મિનિટ વધુ કામ કરવા તૈયાર છે, જેથી બેક્કિંગ કામકાજ પર કોઈ વિપરીત અસર ન પડે. વધુમાં, ડિજિટલ બેન્કિંગ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ જેવી સુવિધાઓ વધવાને કારણે બેન્ક શાખાની પ્રત્યક્ષ મુલાકાત લેતા ગ્રાહકોની સંખ્યામાં ૭૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. આથી, બદલાતા સમય અને ટેકનોલોજીના પ્રસારને જોતા પાંચ દિવસનું કાર્યસપ્તાહ વ્યવહારુ હોવાનું એસોસિયેશનનું માનવું છે.




સામે પક્ષે, સરકાર તરફથી ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર(DBT) મેળવનારા નાના ખાતેદારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે, જેના કારણે બેન્ક કર્મચારીઓ પર કામનું ભારણ વધ્યું છે. તેની સરખામણીએ બેન્કમાં સ્ટાફની સંખ્યા સતત ઘટી રહી છે. આ નાના ખાતેદારોમાં બેન્કિંગ પ્રત્યે પૂરતી જાગૃતિ ન હોવાથી અને તેમને ઓનલાઈન બેન્કિંગનો ઉપયોગ આવડતો ન હોવાથી, કર્મચારીઓએ તેમની નાની-નાની કામગીરીમાં મદદ કરવી પડે છે. બેન્ક કર્મચારીઓને ચેકની સ્લીપ ભરી આપવાથી માંડીને પાસબુક મશીનમાં એન્ટ્રી કરી આપવા જેવા કાર્યો પણ કરવા પડે છે.

સરકારની અંદાજે ૩૦ જેટલી યોજનાઓના નાણાં સીધા ખાતામાં જમા થાય છે અને ખાતેદારો રકમ જમા થતાની સાથે જ તેનો ઉપાડ કરી લે છે. પરિણામે, બેન્કને આ નાણાંથી આર્થિક રીતે મોટો લાભ થતો નથી, પરંતુ વહીવટી કામગીરીમાં ખાસ્સો વધારો થાય છે.

બેન્ક કર્મચારીઓને વર્ષ ૨૦૧૩થી દર મહિનાના ચાર રવિવાર ઉપરાંત બે શનિવારની રજા આપવામાં આવે છે. જોકે, હવે મહિનાના તમામ શનિવારોએ રજા જાહેર કરવાની લાંબા સમયની માંગણી પર કેન્દ્ર સરકાર દ્વારા કોઈ જ સકારાત્મક પગલાં લેવામાં આવ્યા નથી. સરકારના આ ઉદાસીન વલણને કારણે બેન્ક કર્મચારીઓ અને તેમના વિવિધ એસોસિયેશનોમાં નારાજગી સતત વધી રહી છે.

કેન્દ્ર સરકારના નવા લેબર કોડના વિરોધમાં આગામી ૧૨મી ફેબ્રુઆરીએ બેન્ક કર્મચારીઓ અને શ્રમિક સંગઠનોએ હડતાલનું એલાન આપ્યું છે. સરકાર દ્વારા શ્રમિકોના જૂના ૨૯ કાયદાઓ રદ કરી તેને સ્થાને નવા કાયદા દાખલ કરવાના નિર્ણય સામે ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. નવા શ્રમિક કાયદામાં કર્મચારીઓ પાસે રોજના ૧૨ કલાક કામ લેવાની જોગવાઈ અને મહિલા કર્મચારીઓને રાત્રિ પાળીમાં બોલાવવા અંગેના નિયમોનો કર્મચારીઓ વિરોધ કરી રહ્યા છે. આ ઉપરાંત, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ હેઠળ માલિકોને વધુ સત્તા આપતા નિયમ મુજબ, ૩૦૦થી વધુ કર્મચારીઓ ધરાવતા એકમોમાં પણ સરકારી મંજૂરી વિના કર્મચારીઓને છૂટા કરવાની જોગવાઈ સામે સંગઠનોએ આક્રમક વલણ અપનાવ્યું છે.

### સુપ્રીમ કોર્ટે રદ કર્યો હાઈકોર્ટનો ચુકાદો

# સરકારી કોલેજમાં અભ્યાસ કરવાથી સરકારી નોકરીનો અધિકાર ન મળે



**ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે માત્ર સરકારી શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરવાથી કે ડિગ્રી મેળવવાથી કોઈ ઉમેદવારને સરકારી નોકરીમાં સીધી નિમણૂક મેળવવાનો કાયદેસરનો અધિકાર પ્રાપ્ત થતો નથી. ન્યાયાધીશ રાજેશ બિંદલ અને મનમોહન સિંહની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટના અગાઉના આદેશને ઉલટાવી દીધો છે, જેમાં હાઈકોર્ટે નર્સિંગના વિદ્યાર્થીઓને નોકરી આપવા સરકારને આદેશ કર્યો હતો.

અહેવાલો અનુસાર, ઉત્તર પ્રદેશમાં આયુર્વેદિક નર્સિંગ તાલીમ અભ્યાસક્રમમાં વર્ષોથી એવી પ્રથા હતી કે સરકારી સંસ્થામાં તાલીમ લેનારા તમામ (મર્યાદિત ૨૦ બેઠકો) ઉમેદવારોને સીધી સ્ટાફ નર્સ તરીકે નોકરી મળી જતી હતી. જોકે, ૨૦૧૧ પછી સરકારે આ નીતિ બદલી અને ખાનગી સંસ્થાઓને પણ આ કોર્સ શરૂ કરવાની મંજૂરી આપી. જેના કારણે લાયક ઉમેદવારોની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો. ભાવના મિશ્રા અને અન્ય વિદ્યાર્થીઓએ જૂની પ્રથા મુજબ નોકરીની માંગ કરતા હાઈકોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો હતો, જેની સામે યુપી સરકાર સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. સુપ્રીમ કોર્ટે નોકરીની માંગને નકારી કાઢતા જણાવ્યું હતું કે, સરકારી સંસ્થામાં નોંધણી કરાવવાથી સરકારી નોકરીમાં નિમણૂક થવાની અપેક્ષા રાખી શકાય નહીં, ખાસ કરીને જ્યારે ભરતીની નીતિમાં ફેરફાર થયો હોય. અગાઉ માત્ર ૨૦ બેઠકો હતી ત્યારે સીધી ભરતી થતી હતી, પરંતુ હવે જ્યારે હજારો ઉમેદવારો લાયક છે, ત્યારે સરકાર જૂની પ્રથા ચાલુ રાખવા બંધાયેલી નથી.

કોર્ટે સ્વીકાર્યું કે ખાનગી સંસ્થાઓના પ્રવેશ બાદ સ્પર્ધા વધી છે, તેથી સરકારે પોતાની કોલેજોના વિદ્યાર્થીઓને આપમેળે નિયુક્ત કરવાની પ્રથા બંધ કરવી એ વાજબી નિર્ણય છે. આ ચુકાદાથી હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સરકારી સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પણ સામાન્ય ભરતી પ્રક્રિયા કે સ્પર્ધાત્મક પરીક્ષામાંથી પસાર થયા વિના નોકરીનો દાવો કરી શકશે નહીં. સરકારી નોકરી માટે લાયકાત અને નિર્ધારિત પસંદગી પ્રક્રિયા જ સર્વોપરી રહેશે.

### દેશનાં ૪૪ ટકા શહેરોમાં હવા પ્રદૂષણ

# હવા પ્રદૂષણ અત્યંત જોખમી, વાહનો, ફેકટરીઓ જવાબદાર: રિપોર્ટ

**રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૨૦૧૯થી ૨૦૨૪ વચ્ચે દર વર્ષે ૧,૭૮૭ શહેરોમાં પીએમ ૨.૫નું સ્તર નિર્ધારિત મર્યાદાથી વધુ રહ્યું હતું**



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦

દેશના ૪૪ ટકા શહેરોમાં લાંબા સમયથી વાયુ પ્રદૂષણનું સ્તર અત્યંત જોખમી હોવાનું એક રિપોર્ટમાં જણાયું છે. ભારતના લગભગ અડધો અડધ જેટલા શહેરોમાં લાંબા સમયથી લોકો વાયુ પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (સીઆરઈએ)એ સેટેલાઈટ ડેટાની મદદથી દેશના ૪,૦૪૧ શહેરોમાં MP2.5 પ્રદૂષણને લઈને સંશોધન કર્યું હતું. આ રિપોર્ટ મુજબ દિલ્હી, ઉત્તર પ્રદેશનું ગાઝિયાબાદ અને મેઘાલયનું બર્નીહાટ દેશના સૌથી પ્રદૂષિત શહેરો જણાયા હતા. આ શહેરોમાં વાયુ પ્રદૂષણની સ્થિતિ એક-બે દિવસ પૂરતી નહીં પરંતુ સમગ્ર વર્ષ સુધી રહેતી હોવાનું જણાયું હતું. પ્રદૂષણના મુખ્ય કારણોમાં વાહનો, ફેક્ટરીઓ તથા અન્ય માધ્યમો દ્વારા ફેલાવાતું પ્રદૂષણ રહ્યું છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ ૨૦૧૯થી ૨૦૨૪ વચ્ચે દર વર્ષે ૧,૭૮૭ શહેરોમાં PM2.5 નું સ્તર નિર્ધારિત મર્યાદાથી વધુ રહ્યું હતું. આ સર્વેમાં કોરોના (વર્ષ ૨૦૨૦)નો ડેટા નથી લેવાયો. ૨૦૨૫ના ડેટા મુજબ મેઘાલયનું બર્નીહાટ સૌથી પ્રદૂષિત શહેર રહ્યું હતું. અહીં PM2.5 સરેરાશ ૧૦૦ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતું. નવી દિલ્હી (૯૬) અને ગાઝિયાબાદ (૯૩) અનુક્રમે છે. નોઈડા ચોથા ક્રમે છે. ભારતના સૌથી પ્રદૂષિત શહેરોમાં ગુરુગ્રામ, ગ્રેટર નોઈડા, ભિવાડી, હાજીપુર, મુઝફ્ફરનગર અને હાપુડનો સમાવેશ થાય છે. સરકારે પ્રદૂષણ ઘટાડવા ૨૦૧૯માં રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ (એનસીએપી)નો પ્રારંભ કર્યો હતો. પરંતુ સાત વર્ષ બાદ પણ દેશના ૧૩૦ શહેરો એનસીએપીના દાયરામાં છે. જેમાં ૧,૭૮૭ પૈકીના ફક્ત ૬૭ શહેરો જ આમાં સામેલ છે. આ રીતે ભારતના ચાર ટકા શહેરોને જ એનસીએપીમાં આવરી શકાયા છે. એસીએપીમાં સામેલ ૨૮ શહેરોમાં હજી સુધી સતત હવાની ગુણવત્તાની ચકાસણી માટેના સ્ટેશન (સીએએક્યુએમએસ) સ્થાપવામાં નથી આવ્યા. જે ૧૦૨ શહેરોમાં આ પ્રકારના સ્ટેશનો છે તે પૈકી ૧૦૦ શહેરોમાં પીએમ૧૦નું સ્તર ૮૦ ટકા અથવા તેનાથી વધુ નોંધાયું છે. દિલ્હીમાં PM10 સૌથી વધુ ૧૯૭ માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર છે.

# દિલ્હી એરપોર્ટ પર અફઘાની પાયલટે ભૂલથી ખોટા રનવે પર ઉતારી દીધું હતું વિમાન, તપાસમાં ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

ગયા વર્ષે ૨૩ નવેમ્બરે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક મોટી વિમાન દુર્ઘટના થતા રહી ગઈ હતી. અફઘાનિસ્તાનની એરિયાના અફઘાન એરલાઈન્સની ફ્લાઈટ AFG311 નિર્ધારિત રનવે ૨૯Lને બદલે ભૂલથી રનવે 29R પર ઉતરી ગઈ હતી, જેનો ઉપયોગ તે સમયે ટેકઓફ માટે થઈ રહ્યો હતો. ચિંતાજનક વાત એ છે કે, તે જ સમયે તે જ રનવે પરથી અન્ય એક વિમાન, AIC2243, ટેકઓફ કરી રહ્યું હતું. વિમાન દુર્ઘટના તપાસ બ્યુરો(AAIB)એ આ ઘટના અંગે પોતાનો પ્રારંભિક તપાસ અહેવાલ જાહેર કર્યો છે.

રિપોર્ટમાં ખુલાસો થયો છે કે રનવે ૨૯ઇ પર કોઈ લેન્ડિંગ સહાયક પ્રણાલી સક્રિય નહોતી. ન તો ઈન્સ્ટ્રૂમેન્ટ લેન્ડિંગ સિસ્ટમ (ILS) ચાલુ હતી, ન પ્રિસિઝન એપ્રોચ પાથ ઈન્ડિકેટર(PAPI) કે એપ્રોચ લાઈટ્સ. તેમ છતાં, ખરાબ હવામાન અને ધુમ્મસને કારણે જ્યારે વિઝિબિલિટી માત્ર ૧૨૦૦મીટર હતી, ત્યારે પાયલટ ભૂલથી ખોટા રનવે પર ઉતરી ગયા. ક્રૂ મેમ્બર્સે જણાવ્યું કે ટચડાઉનથી ચાર નોટિકલ માઈલ પહેલા ILS સિગ્નલ ગાયબ થઈ ગયો હતો. સમાંતર બનેલા બંને રનવેને અલગ-અલગ ઓળખવા મુશ્કેલ બની ગયા, જેના કારણે પાયલટ ભ્રમિત થઈ ગયા.

AAIBએ એ પણ સ્પષ્ટ કર્યું કે ફ્લાઈટે એર ટ્રાફિક કંટ્રોલ(ATC)ના નિર્દેશોનું પાલન કર્યું ન હતું. ATC દ્વારા વારંવાર ક્લિયરન્સ મળ્યા પછી પણ, વિમાન ખોટા રનવે તરફ આગળ વધતું રહ્યું. તપાસમાં ડિજિટલ ફ્લાઈટ ડેટા રેકોર્ડરનો ડેટા તો સુરક્ષિત રહ્યો, પરંતુ કોકપિટ વોઈસ રેકોર્ડરનો ડેટા ઓવરરાઈટ થઈ ગયો હતો, જેના કારણે પાયલટ વચ્ચેની વાતચીતની મહત્ત્વપૂર્ણ જાણકારી ગુમાવાઈ ગઈ છે. AAIBએ આ ઘટનાને ઉડ્ડયન સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત ગંભીર ગણાવી છે અને કહ્યું છે કે આ ઘટના કોઈ મોટી દુર્ઘટનામાં ફેરવાઈ શકી હોત. ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે આ મામલે વિગતવાર તપાસ ચાલી રહી છે.

# લીંબડીના પરનાળામાં બે પરિવારો વચ્ચે હિંસક અથડામણ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરેન્દ્રનગર,તા.૧૦**

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં આવેલા પરનાળા ગામમાં સામાન્ય બાબતે બે પરિવારો વચ્ચે મોટું સ્વરૂપ ધારણ કરતા હિંસક મારામારીની ઘટના બની છે. જુદી જુદી જ્ઞાતિના બે પરિવારો સામસામે આવી જતાં ગામમાં ભારે ઉત્તેજના વ્યાપી ગઈ હતી. આ અથડામણમાં કુલ ૪ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું છે.

પ્રાથમિક તપાસ અને સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ખેતરમાં પશુ ચરાવવા જેવી નજીવી બાબતે બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. આ બોલાચાલી જોતજોતામાં ઉગ્ર બની હતી અને બંને જ્ઞાતિના લોકો હિંસક હથિયારો સાથે એકબીજા પર તૂટી પડ્યા હતા. ખેતરની જમીન પર પશુઓ ઘૂસી જવાના વિવાદે લોહિયાળ સંઘર્ષનું રૂપ લીધું હતું.

આ હિંસક મારામારીમાં ઘાયલ થયેલા ૪ વ્યક્તિઓને તાત્કાલિક અસરથી સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ લીંબડી પોલીસનો કાફલો પરનાળા ગામમાં દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો.

# રાજુલાના વિકટર ગામની હેલ્થ કચેરીમાં ભીષણ આગ લાગી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરેલી,તા.૧૦**

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વિકટર ગામે આવેલી બ્લોક હેલ્થ કચેરીમાં આજે અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ઝડપથી પ્રસરી હતી કે જોતજોતામાં કચેરીમાં રહેલો દવાનો જથ્થો તેની ઝપેટમાં આવી ગયો હતો.આગ લાગતાની સાથે જ કચેરી પરિસરમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ઘટનાની જાણ થતા જ રાજુલા ફાયર વિભાગ અને ૧૧૨ની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો. જેને પગલે મોટી હોનારત ટળી હતી.

પ્રાથમિક વિગતો મુજબ, આ આગમાં હેલ્થ કચેરીમાં રાખવામાં આવેલ દવાનો જથ્થો બળીને ખાખ થઈ ગયો છે, જેના કારણે મોટું આર્થિક નુકશાન થયું હોવાનું મનાય છે. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વહીવટી તંત્ર દ્વારા આગ લાગવાના કારણો જાણવા માટે તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

**પહેલા પાનાનુ ચાલુ...**

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની...**

રજૂ કર્યા હતા જેનાથી માહોલમાં શિવભક્તિ અને દેશભક્તિનું અદભૂત સંયોજન જોવા મળ્યું હતું.

આવીતકાલે તા. ૧૧ જાન્યુઆરીના રોજ ભગવાન સોમનાથના દર્શન-અર્ચન કરીને આ પર્વમાં સહભાગી થશે. દર્શન-અર્ચન બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સોમનાથ મંદિરની બહાર સ્થિત સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક ભવ્ય રોડ-શો અને શૌર્ય યાત્રામાં જોડાશે તથા એક જનસભાને સંબોધન કરશે. બપોરે ૧ વાગ્યાની આસપાસ સોમનાથ હેલીપેડથી રાજકોટ જવા રવાના થશે. જ્યાં મારવાડી યુનિવર્સિટી ખાતે વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેશે જે બાદ સાંજે અમદાવાદથી ગાંધીનગર પહોંચી મહાત્મા ગાંધી મેટ્રો સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે.

**પહેલા પાનાનુ ચાલુ...**

**દીવ ખાતે ખેલો ઈન્ડિયા...**

કોર્સ અંતર સિવાય ખૂબ પડકારજનક છે. રેસના એક દિવસ પહેલા, હું મારી જાતને સૌથી ખરાબ માટે તૈયાર રહેવાનું કહું છું. સામાન્ય રીતે ભરતીને સમજવા માટે એક લેપ લાગે છે અને પછી હું મારી ગતિ પર ધ્યાન કેન્દ્રિત કરું છું'

સમુદ્રમાં ઓપન વોટર સ્પર્ધાનું આયોજન પણ એક પડકાર છે કારણ કે આયોજકોએ એક મહિના પહેલા ભરતી ટેબલનો અભ્યાસ કરવો પડે છે અને રેસ માટે ચોક્કસ સમય નક્કી કરતા પહેલા સાપ્તાહિક ધોરણે તેનું નિરીક્ષણ કરવું પડે છે.

આપણે દોડનું સંચાલન કરવા માટે સૌથી ઓછો ભરતીનો તફાવત પસંદ કરવો પડશે કારણ કે, જો પ્રવાહ ખૂબ જ મજબૂત હોય તો લૂપમાં તરવું ખૂબ મુશ્કેલ બની શકે છે, કેઈબીજી૨૦૨૬ કોમ્પિટિશન મેનેજર રાહુલ ચિપલુણકરે સમજાવ્યું હતું.

પાણી તોફાની છે અને વધુ ગ્લાઈડ છે જેના કારણે સ્ટ્રોક પણ પૂલમાં તરવૈયાઓ કરતા અલગ છે, ચપલુણકરે કહ્યું, તરવૈયાઓએ દિશાનો અભ્યાસ કરવા અને ભરતીના કદ અનુસાર તેમની દોડનું આયોજન કરવા માટે પણ તાલીમ લેવી પડે છે.

અનુરાગે સ્વીકાર્યુ કે, તેણે હજુ પણ દરિયાઈ તરવાના આ ટેકનિકલ પાસાઓનો અભ્યાસ કર્યો નથી કારણ કે તે એક નવી વિદ્યાશાખા છે અને KIBGમાં પ્રવેશ કરતા પહેલા તેણે ફક્ત બે ઓપન વોટર ઈવેન્ટ્સમાં ભાગ લીધો છે. ઉપરાંત, હું દિલ્હીમાં તાલીમ લઉં છું અને ત્યાં કોઈ દરિયો નથી. તેથી મારી બધી તાલીમ પૂલમાં રહી છે.

૨૦૧૬માં મુંબઈથી મેંગલોર સુધી ૧૦૦૦ કિમીનું અંતર તરનાર સી હોક રિલે ટીમના સભ્ય રહેલા ચિપલુણકરે જણાવ્યું હતું કે, ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સમાં સી સ્વિમિંગની શરૂઆતથી હવે વધુને વધુ ખેલાડીઓ આ રમત તરફ આકર્ષાયા છે અને ભારતે હવે આ ક્ષેત્રમાં તરવૈયાઓ વિકસાવવા માટે એક માળખાગત અભિગમ અપનાવવાની જરૂર છે.

'પહેલી દીવ બીચ ગેમ્સમાં લગભગ ૪૦ સહભાગીઓ હતા. ગયા વર્ષે પહેલી ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સમાં આ સંખ્યા વધીને ૫૦ થઈ ગઈ હતી અને હવે આ ગેમ્સમાં ૭૦ તરવૈયાઓ ભાગ લઈ રહ્યા છે.

ભારત પાસે એટલી મોટી દરિયા કિનારો છે કે આપણે ઓપન વોટર સ્વિમિંગમાં ખરેખર સારું પ્રદર્શન કરી શકીએ છીએ. ગોવા અને કર્ણાટકનો સમુદ્ર એકદમ શાંત છે અને દરિયાઈ સ્વિમિંગ માટે સારો છે. હાલમાં દરિયામાં તાલીમ લેવી એક પડકાર છે કારણ કે વિવિધ પરવાનગીઓ લેવાની જરૂર છે. જો આપણે તેને ઉકેલી શકીએ, તો આપણે ઘણા વધુ આંતરરાષ્ટ્રીય રમતવીરો ઉત્પન્ન કરી શકીએ છીએ.

### દક્ષિણ ગુજરાતના વાહનચાલકો માટે રાહતના સમાચાર

# પુનગામથી કીમ સુધીનો એક્સપ્રેસવે સત્તાવાર રીતે ખુલ્લો મુકાયો





**૮ લેન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે આડેના અંતરાયો જેમ જેમ દૂર થઈ રહ્યા છે એમ એમ કામમાં પ્રગતિ આવી રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરૂચ, તા.૧૦**

ભરૂચ-સુરત જતાં વાહન ચાલકો માટે રાહતના સમાચાર મળી રહ્યા છે. દિલ્હીથી મુંબઈને જોડતા એક્સપ્રેસવે પર નેશનલ હાઈવે ઓથટોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા અંકલેશ્વરના પુનગામથી સુરતના કીમ સુધીનો એક્સપ્રેસ વે સત્તાવાર રીતે ખુલ્લો મુકાયો છે. હાલ એક જ તરફની લેનમાં બન્ને તરફનો વાહનવ્યવહાર શરૂ કરાયો છે. આ એક્સપ્રેસ વે શરૂ થવાથી ભરૂચ જિલ્લાના દહેગામથી સુરતના કીમ-બારડોલી સુધી વાહનોચાલકોની સફર સુગમ બનશે. ૮ લેન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે આડેના અંતરાયો જેમ જેમ દૂર થઈ રહ્યા છે એમ એમ કામમાં પ્રગતિ આવી રહી છે. આ પ્રોજેક્ટના ૧૩૮૦ કિમીમાંથી ૪૧૩ કિમીનો ભાગ ગુજરાતમાં છે. જેમાં ભરૂચમાં પેકેજ-૪ હેઠળ ૧૩ કિમીના હિસ્સામાં અંકલેશ્વરના પુનગામ નજીક ખેડૂતોના પ્રશ્નોના કારણે એક્સપ્રેસ હાઈવેની કામગીરી અટકી પડી હતી. જો કે સમયાંતરે આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા પુનગામથી કીમ સુધીનો માર્ગ સત્તાવાર રીતે શરૂ કરવામાં આવ્યો છે. જેથી સર્જાતી ટ્રાફિકજામની સ્થિતિ અને લોકોને પડતી તકલીફ મહદંશે કાબૂમાં આવશે.

અત્યાર સુધી ભરૂચથી સુરત તરફ જતા વાહનચાલકો એક્સપ્રેસ હાઈવેનો ઉપયોગ કરી અંકલેશ્વરના પુનગામ સુધી આવી એક્ઝિટનો ઉપયોગ કરી અંકલેશ્વર- હાંસોટ-ઓલપાડને જોડતા સ્ટેટ હાઈવેનો ઉપયોગ કરતા હતા જો કે પુનગામથી કીમ વચ્ચેનો માર્ગ પણ શરૂ થઈ જતા હવે વાહનચાલકો સીધા કીમ સુધી જઇ શકશે. ત્યારબાદ ત્યાંથી બારડોલી એ સુધી એક્સપ્રેસ હાઈવેનો ઉપયોગ કરી શકશે. આમ વાહનચાલકો વડોદરાથી સુરત સુધી એક્સપ્રેસ હાઈવેનો ઉપયોગ કરી શકશે.

# સરકારી નોકરીના નામે ઠગાઈ, ૬ રાજ્યોમાં EDની કાર્યવાહી

**ED ની ટીમોએ દેશના ૬ રાજ્યોમાં કુલ ૧૫ સ્થળોએ દરોડા પાડીને મહત્વપૂર્ણ પુરાવા એકત્રિત કર્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ,તા.૧૦**

સરકારી નોકરી અપાવવાના નામે ઠગાઈના મોટા કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ વ્યાપક કાર્યવાહી હાથ ધરી છે. આ મામલે ઈડીની ટીમોએ દેશના ૬ રાજ્યોમાં કુલ ૧૫ સ્થળોએ દરોડા પાડીને મહત્વપૂર્ણ પુરાવા એકત્રિત કર્યા છે. આ કાર્યવાહી દરમિયાન રાજકોટમાં પણ ઈડી દ્વારા તપાસ કરવામાં આવી હતી, જેમાંથી અનેક શંકાસ્પદ દસ્તાવેજો મળ્યા છે.

મામલાની તપાસ બિહારના સોનપુર રેલ્વે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે શરૂ કરવામાં આવી છે. ફરિયાદના આધારે દીપક તિવારી અને સક્ષમ શ્રીવાસ્તવ સામે ઈડીએ મની લોન્ડરિંગ સહિતના મુદ્દાઓ પર તપાસ શરૂ કરી છે.

તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓની ગેંગ રેલ્વે સ્ટેશનો પર આવતાં સરકારી નોકરીની આશા રાખતા યુવકોને શિકાર બનાવતી હતી. નોકરી અપાવવાના લાલચમાં મોટા પ્રમાણમાં રૂપિયા વસૂલવામાં આવતા હતા. ગેંગના મુખ્ય સૂત્રધારો અંગેની તપાસ હજી પણ ચાલુ હોવાનું Enforcement Directoeae ના અધિકારીઓએ જણાવ્યું છે.

દરોડા દરમિયાન ઈડીને અનેક વેચાણ દસ્તાવેજો, ઋણ એગ્રીમેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ સંબંધિત દસ્તાવેજો મળી આવ્યા છે. આ ઉપરાંત ડિજિટલ ઉપકરણો, મોબાઈલ ફોન, લેપટોપ સહિતની સામગ્રી પણ જપ્ત કરવામાં આવી છે. તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓ દ્વારા નોકરીના નકલી જાહેરાત પત્રો, નકલી નિયુક્તિ પત્રો તેમજ ખોટા ઈ-મેઈલ આઈડી બનાવી લોકોમાં વિશ્વાસ ઊભો કરવામાં આવતો હતો. ગેંગ દ્વારા તૈયાર કરાયેલા આ તમામ નકલી પુરાવાઓ હવે ઈડીને હાથ લાગ્યા છે.

ઈડી દ્વારા સમગ્ર નેટવર્ક, નાણાકીય વ્યવહારો અને ગેંગના અન્ય સભ્યો અંગે તપાસનો દોર વધુ તેજ બનાવવામાં આવ્યો છે.

### શિક્ષણ વિભાગનું ખાસ આયોજન

# સાબરમતી સેન્ટ્રલ જેલના ૨૪ કેદીઓ આપશે બોર્ડની પરીક્ષા

**જેલમાં પરીક્ષાને લઈને પરીક્ષા નિરીક્ષક અને સુપરવાઇઝરની ટીમો પણ તૈનાત રાખવામાં આવશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૧૦**

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આગામી ફેબ્રુઆરી માસના છેલ્લા સપ્તાહમાં યોજાવાની છે.

અમદાવાદમાં અંદાજે ૧ લાખ ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. જેની સાથે સાથે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલના ૨૪ કેદીઓ પણ બોર્ડની પરીક્ષા આપવાના છે. જે માટે સાબરમતી જેલમાં તંત્ર દ્વારા પરીક્ષા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેલમાં પરીક્ષાને લઈને પરીક્ષા નિરીક્ષક અને સુપરવાઈઝરની ટીમો પણ તૈનાત રાખવામાં આવશે.

આગામી ફેબ્રુઆરી ૨૦૨૬ મહિનાના છેલ્લા સપ્તાહથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. હાલમાં જ રાજ્યભરમાં પરીક્ષા માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. અમદાવાદ શહેર અને ગ્રામ્યમાંથી અંદાજે ૧ લાખ ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા આપશે. જેને લઈને રાજ્યભરમાં પરીક્ષા સેન્ટરો શિક્ષણ વિભાગ દ્વારા ઊભા કરવામાં આવે છે.

આવી જ રીતે જેલમાં બંધ કેદીઓ પણ બોર્ડની પરીક્ષા આપતા હોય છે. જે માટે વિભાગ દ્વારા અમદાવાદ, રાજકોટ, સુરત અને બરોડાની જેલમાં પરીક્ષા સેન્ટર ઊભા કરવામાં આવે છે. જે અંતર્ગત અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં પણ આ વર્ષે પરીક્ષા સેન્ટર ઊભું કરવામાં આવશે. આ વર્ષે સેન્ટ્રલ જેલમાંથી ૨૪ કેદીઓએ ગુજરાત બોર્ડની પરીક્ષા આપવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જેમાં ધોરણ ૧૦માં ૧૫ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા માટે ૯ કેદીઓએ ફોર્મ ભર્યા છે. જે માટે જેલમાં પરીક્ષા સેન્ટરની વ્યવસ્થા તો કરાશે જ સાથે પરીક્ષાના દિવસે પરીક્ષા નિરીક્ષક અને સુપરવાઈઝરની ટીમ પણ જેલમાં તૈનાત રહેશે.

મહત્વનું છે કે જેલમાં પણ બંદીવાન કેદીઓ શાંતિ અને સુમેળ ભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને તેઓને પરીક્ષા અને જે તે વિષયનું જ્ઞાન મળી શકે તે માટે તંત્ર દ્વારા શિક્ષકોના તાલીમ વર્ગોનું પણ આયોજન કરવામાં આવે છે અને સાથે સાથે જે તે વિષયની પરીક્ષા હોય તેના પુસ્તકો પણ કેદીઓને આપવામાં આવે છે. આ વર્ષે પણ અમદાવાદની સેન્ટ્રલ જેલ ઉપરાંત રાજકોટ, સુરત અને વડોદરામાં પણ કેદીઓ પરીક્ષા આપશે. જે માટે જે તે જિલ્લામાં જેલમાં પરીક્ષા સેન્ટર બનાવવામાં આવશે.

# અમરેલીથી ક્રાંકચ સ્ટેટ હાઈવેની કામગીરીમાં રોડ સેફ્ટીના અભાવે ૩૬ કલાકમાં ૨ના મોત

**ડાયવર્ઝન અને કામમાં ગેરરીતી મામલે સ્થાનિક નેતાઓએ સાંસદ અને મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી**





(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરેલી,તા.૧૦**

અમરેલીથી ક્રાંકચ સ્ટેટ હાઈવે પર વાઈડિંગ સાથે રોડ પહોળો કરવાની કામગીરીમાં રોડ સેફ્ટી, ડાયવર્ઝન અને કામમાં ગેરરીતી મામલે સ્થાનિક નેતાઓએ સાંસદ અને મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી છે. છેલ્લા ૩૬ કલાકમાં રોડ સેફ્ટીના અભાવે ૨ લોકોના મોત થયા છે, ત્યારે આ મામલે તાત્કાલિક તપાસ કરીને જવાબદારી એજન્સી સામે યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.

અમરેલી જિલ્લામાં સ્ટેટ હાઈવેની કામગીરીમાં રોડ સેફ્ટીના અભાવને લઈને લોકોમાં નારાજગી જોવા મળી રહી છે. આ મામલે લીલીયાના ભાજપના યુવા આગેવાને સાંસદ ભરત સુતરીયા અને કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને યોગ્ય કાર્યવાહી કરવાની માગ કરી છે.

કોંગ્રેસ નેતાએ જણાવ્યું કે, 'અમરેલીથી લીલીયા વચ્ચે સ્ટેટ હાઈવેના વાઈડિંગ અને રોડ પહોળો કરવાની કામગીરી શરૂ છે. અઢી વર્ષ થયા છતાં હજુ કામ પૂર્ણ કરાયું નથી. જ્યારે ડાયવર્ઝનના કારણે સ્થાનિકોને ધૂળ, આરોગ્યની સમસ્યાનો સામનો કરવો રડી રહ્યો છે. આ કામગીરી નીતિ-નિયમ મુજબ થતી નથી. જેમાં રોડ સેફ્ટીના નિયમ મુજબ કામગીરી ન થતાં ટ્રાફિક અને અકસ્માત-દુર્ઘટના ઘટી રહી છે. એટલે આ મામલે તપાસ બેસાડીને જવાબદાર એજન્સી સામે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે અને રોડ સેફ્ટીના નિયમને ધ્યાનમાં રાખીને હાઈવેની કામગીરી કરવામાં આવે...'અમરેલી-લીલીયા રોડ પર છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલા બ્રિજના કામો હવે નિર્દોષ લોકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યા છે. બે અલગ-અલગ ઘટનાઓએ તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાહી ખુલ્લી પાડી છે. ૯ જાન્યુઆરીની રાત્રે સલડી નજીક બ્રિજની કામગીરીમાં રોડ સેફ્ટી ન લગાવવાના કારણે એક આધેડના માથામાં લોખંડનો સળિયો ઘૂસી જતા મોત નીપજ્યું હતું.આ મામલે સલડી યુવા ભાજપના નેતાએ અમરેલી સાંસદ ભરત સુતરીયાને પત્ર લખીને અધિકારી અને કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવાની માગ કરી છે. જ્યારે ૨ દિવસ પહેલા લાલાવદર નજીક લીલીયા રોડ અંડરબ્રિજમાં બાઈક નીચે ખાબકતા ૧ યુવકનું મોત થયું હતું.

### આરોપીએ અચાનક દાતરડાથી હુમલો કર્યો હતો

# મોડાસામાં ૧૩ વર્ષની બાળકીનાં ગુપ્તાંગ પર હુમલો કરાતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અરવલ્લી ,તા.૧૦**

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના એક ગામમાં ૧૩ વર્ષની બાળકી પર થયેલા ક્રૂર હુમલાના કેસમાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે. બાળકીના ગુપ્તાંગમાં ગંભીર ઈજાઓ થતાં તે લાંબા સમયથી સારવાર હેઠળ હતી. આ મામલે પોલીસે ૩૫ વર્ષીય પરિચિત વ્યક્તિની ધરપકડ કરી છે.

પોલીસ માહિતી મુજબ, ૧૮ ડિસેમ્બરના રોજ બાળકી તેની માતા સાથે બહાર ફરતી હતી ત્યારે આરોપીએ અચાનક દાતરડાથી હુમલો કર્યો હતો. હુમલા બાદ બાળકીની હાલત ગંભીર બનતા તેને પ્રથમ મોડાસાની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલ અને અમદાવાદની હોસ્પિટલોમાં ખસેડવામાં આવી હતી.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાંથી ૨૯ ડિસેમ્બરે રજા અપાયા બાદ શુક્રવારે બાળકીનું મોત થયું હતું.

મોડાસા ગ્રામ્ય પોલીસ ઈન્સ્પેક્ટર કે.ટી. ગોહિલે જણાવ્યું હતું કે આ કેસમાં છેડતી અને ગંભીર હુમલાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને એફઆઈઆરને "સંવેદનશીલ" તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. પોલીસે અપહરણ અને બળાત્કારના આરોપોનો ઈનકાર કર્યો છે.

ગોહિલના જણાવ્યા અનુસાર, હુમલા બાદ તરત જ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. હાલ હુમલા પાછળનું કારણ જાણવા પોલીસ તપાસ કરી રહી છે. બાળકીના મૃત્યુ બાદ આરોપી સામે હત્યાનો ગુનો પણ ઉમેરવામાં આવશે.

આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોક અને આક્રોશની લાગણી ફેલાઈ છે, જ્યારે પોલીસે આરોપી સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

### જંબુસરના કાવી ગામની ઘટના

# ખેતરમાં ટ્રેક્ટર પલટી જતાં યુવાનનું કમકમાટીભર્યું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરૂચ,તા.૧૦**

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી ગામે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ખેતરમાં કામ અર્થે ટ્રેક્ટર લઈને જઈ રહેલા એક આશાસ્પદ યુવાનનું ટ્રેક્ટર પલટી મારી જતાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે કાવી ગામ સહિત પંથકમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. કાવી ગામનો રહેવાસી ચોક્સી ઈરફાન યુસુફ નામનો યુવાન પોતાનું ટ્રેક્ટર લઈને ખેતરમાં જઈ રહ્યો હતો.

આ દરમિયાન અચાનક કોઈ કારણોસર ટ્રેક્ટર પરથી કાબૂ ગુમાવતા ટ્રેક્ટર પલટી ખાઈ ગયું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ઈરફાન યુસુફ ટ્રેક્ટર નીચે દબાઈ ગયો હતો, જેના કારણે તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી.

મૃતક યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જંબુસરની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. કાવી પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી ઘટના પાછળના ચોક્કસ કારણો જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે. ખેતીકામ દરમિયાન બનેલી આ આકસ્મિક ઘટનાએ એક પરિવારનો લાડકવાયો પુત્ર છીનવી લેતા સમગ્ર ગામમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

### ગ્રામજનોએ મામલતદાર પાસે તપાસની માગ કરી

# ભરૂચ જિલ્લાના ગલોદરા ગામમાં સરકારી અનાજમાંથી નીકળ્યા કાંકરા

**અનાજની દુકાનમાંથી આપવામાં આવેલા અનાજના જથ્થામાંથી મોટા પ્રમાણમાં કાંકરા મળી આવતા રેશનકાર્ડ ધારકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરૂચ,તા.૧૦**

ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ગરીબ પરિવારોને વિતરણ કરવામાં આવતા સરકારી અનાજની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

વાગરાના ગલોદરા ગામમાં સસ્તા અનાજની દુકાનમાંથી આપવામાં આવેલા અનાજના જથ્થામાંથી મોટા પ્રમાણમાં કાંકરા મળી આવતા રેશનકાર્ડ ધારકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઘટનાની મળતી માહિતી અનુસાર, ભરૂચ જિલ્લામાં આવેલા ગલોદરા ગામની સસ્તા અનાજની દુકાનેથી ગ્રામજનોને રેશનિંગનું અનાજ આપવામાં આવ્યું હતું. જ્યારે કાર્ડ ધારકો ઘરે જઈને અનાજ સાફ કરવા બેઠા, ત્યારે તેમાં ચોખા કે ઘઉંના જથ્થા સાથે મિશ્રિત થયેલા પથ્થર અને કાંકરા જોઈને તેઓ અચંબામાં પડી ગયા હતા.

આ નબળી ગુણવત્તાના અનાજનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જે પુરવઠા વિભાગની કામગીરી પર પ્રશ્નાર્થ ચિન્હ લગાવી રહ્યો છે.

ગરીબ મધ્યમ વર્ગના લોકો જે અનાજ પર નિર્ભર હોય છે, તે જ અનાજમાં આ પ્રકારની અશુદ્ધિઓ આવતા લોકોના સ્વાસ્થ્ય સામે પણ જોખમ ઉભું થયું છે. સ્થાનિક રહીશોએ આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી છે. ગ્રામજનોની માગ છે કે, વાગરા મામલતદાર અને પુરવઠા વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે આ સસ્તા અનાજની દુકાને તપાસ કરવામાં આવે અને આટલો હલકી કક્ષાનો જથ્થો ક્યાંથી અને કોની રહેમનજર હેઠળ આવ્યો તેની કડક તપાસ કરવામાં આવે.

# જામનગરમાં પાડોશીઓ વચ્ચે તકરાર થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જામનગર,તા.૧૦**

જામનગરના ગોકુલનગર વિસ્તારમાં ગઈકાલે બે પાડોશીઓ વચ્ચે તકરાર થઈ હતી, અને એક પાડોશીને બાજુમાં જ રહેતા એક મહિલા સહિતના પાંચ શખ્સોએ માર મારી તેના બે મોબાઈલ ફોન તોડી નાખ્યા હતા, ઉપરાંત ગળામાં પહેરેલો સોનાનો ચેઈન ઝુંટવી લીધો હતો. જે બનાવ અંગે સીટીસી. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગોકુલ નગર શેરી નં-૨, ભાગ્યોદય સોસાયટીમાં રહેતા સંજય જીવણભાઈ કોરિયા નામના ૩૫ વર્ષના યુવાન પર તેના પાડોશમાં જ રહેતી પ્રેમીલાબેન, ભીમભાઈ ઉર્ફે સરપંચ, નવીનભાઈ ગોરી, અને તેની સાથેના બે અજાણ્યા સાગરીતો વગેરેએ એક સંપ કરી પોતાને મારકુટ અને તોડફોડ કર્યાની ફરિયાદ નોંધાવી છે.

# જામનગરમાં ક્રિકેટ મેચ પર હારજીતના સોદાનો જુગાર રમતા ૮ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જામનગર,તા.૧૦**

જામનગરમાં એક દુકાનમાં ટીવીમાં ક્રિકેટ મેચ નિહાળી મેચની હારજીતના સોદા કરીને જુગાર રમતા આઠ શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા.

જામનગરના સીટી એ ડીવી પો.સ્ટે.ના પોલીસ ઈન્સપેક્ટરની સુચનાથી સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે પટણીવાડ સદામ રેસ્ટોરેન્ટ પાસે આવેલ કુરેશી પાન નામની દુકાનની બહાર અમુક ઈસમો ડોમેસ્ટીક સાઉથ આફ્રીકામાં ચાલતી મેચમાં જોબોર્ગ સુપર કિંગ વિ.પર્લ રોયલ વચ્ચે રમાતા ૨૦-૨૦ મેચનું ટીવી પર પ્રસારણ થતું હોય તે નિહાળી એકાબીજા સાથે રન ફેરના સોદા કરી તથા હારજીતના સોદોઓ કરી જુગાર રમાડે છે.

આથી પોલીસે આ બાતમીના આધારે રેડ કરીને તોહિદ ગુલામહુશેન પઠાણ, યાસીન અબ્બાસભાઇ ચાવડા, બિપીનભાઈ નરોત્તમદાસ બોસમિયા, અલ્તાફહુશેન ગનીભાઈ ખતાઇ, રફીક ઈશાક તરકબાણ, યુનુશભાઈ બોદુભાઈ ખુરેશી અને હશનભાઈ અબ્બાસભાઈ અગવાનને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૧૨૬૦૦ કબજે કર્યા હતા.

રોકાણકારોની શ્રદ્ધા અતૂટ અને વિશ્વાસનું પ્રતિક

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ®

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ

+91 99390 80808

# ભારતીય શેરબજારમાં પ્રત્યાઘાતી ઘટાડા બાદ તેજી યથાવત્...!!!

**રોકાણકાર મિત્રો, આનંદ ને...!!**

નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆતે વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતમાં મોટાપાયે રોકાણકાર બનવાની અપેક્ષા અને ભારત-અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં ટ્રેડ ડિલ થવાની અપેક્ષા સાથે ગ્રોથ સ્ટોરી ફરી પટરી પર આવવાની અપેક્ષાએ ભારતીય શેરબજારના બંને મુખ્ય સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો હતો. પરંતુ, ગત સપ્તાહે ભારતીય શેરબજારની શરૂઆત હોલી-ડે મૂડના પરિણામે ટ્રેડિંગમાં ઓછી સક્રિયતાએ સાવચેતીએ થઈ હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની અવિરત ખરીદી સામે વિદેશી ફંડોની શેરોમાં સતત વેચવાલીએ સેન્સેક્સ, નિફ્ટી બેઝડ બજારમાં ઘટાડાનો માહોલ જોવા મળ્યો હતો.

ભારતના જીડીપી વૃદ્ધિ માટેના નાણા વર્ષ ૨૦૨૬ માટેના પ્રથમ એડવાન્સ અંદાજ ૭.૪%ના આવતાં એક તરફ પોઝિટીવ પરિબળ સામે હજુ ભારત પર ટેરિફ વધારવાની ટ્રમ્પનું આક્રમક વલણ તેમજ અમેરિકાના વેનેઝુએલા પર કબજાને લઈ વિશ્વભરના ટ્રમ્પ સરકાર પર ફીટકાર અને યુનાઈટેડ નેશન્સની મીટિંગમાં પણ અમેરિકા સામે આકરાં વલણના સંકેત અને હવે અમેરિકા દ્વારા ઈરાન, ગ્રીનલેન્ડ સહિતમાં હસ્તક્ષેત્રની તૈયારીના અહેવાલોએ જીઓપોલિટીકલ ટેન્શન વધતાં તેની અસરે ભારતીય શેરબજારમાં સપ્તાહ દરમિયાન ફંડોનું ઓફલોડિંગ થયું હતું.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, સપ્તાહની શરૂઆતના વેપારમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો મજબૂત બન્યો હતો, કારણ કે વેનેઝુએલામાં યુએસ લશ્કરી કાર્યવાહીથી બજારમાં ચિંતા ઓછી થઈ હતી, જ્યારે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો અને ફેડ અધિકારીઓની ખરાબ ટિપ્પણીઓએ પણ રૂપિયાની સ્થિતિને ટેકો આપ્યો હતો. પરંતુ, વિદેશી ભંડોળનો સતત પ્રવાહ અને સંભવિત યુએસ ટેરિફ વધારાની ચિંતાઓને કારણે સપ્તાહના અંતિમ દિવસો દરમિયાન ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે નબળો પડ્યો હતો.

**સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો...**

ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે આપેલ ૬.૯%નો જીડીપી ગ્રોથ અંદાજ ભારતીય શેરબજાર માટે મહત્વપૂર્ણ સકારાત્મક પરિબળ માનવામાં આવે છે. જીએસટી સુધારા, આવકવેરામાં રાહત અને વૈશ્વિક ટ્રેડ કરારોના કારણે અર્થતંત્રને ગતિ મળવાની સાથે કોર્પોરેટ આવક અને નફામાં સુધારાની અપેક્ષા છે. રિપોર્ટમાં દર્શાવવામાં આવેલી 'ગોલ્ડીલોક્સ' સ્થિતિ અર્થાત ઊંચો આર્થિક વૃદ્ધિ દર અને નીચો રિટેલ ફુગાવો બજાર માટે અત્યંત અનુકૂળ માહોલ દર્શાવે છે. ઉપરાંત, ચાલુ નાણાકીય વર્ષમાં ૭.૪% વાસ્તવિક અને ૯% નોમિનલ જીડીપી ગ્રોથ કોર્પોરેટ રેવન્યુ વૃદ્ધિને મજબૂત આધાર આપે છે.

વૈશ્વિક પરિબળ તરીકે અમેરિકા સાથે સંભવિત ટ્રેડ ડીલ, તેમજ ન્યૂઝીલેન્ડ, યુકે અને ઓમાન સાથે થયેલા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ ભારતની વૈશ્વિક વેપાર સ્થિતિને મજબૂત બનાવે છે. ટેરિફ ઘટાડા અને નવા બજારોના ખુલાસાથી નિકાસ, ઉત્પાદન અને વિદેશી મૂડીરોકાણમાં વધારો થવાની શક્યતા છે, જે ભારતીય શેરબજાર માટે લાંબા ગાળે સકારાત્મક છે. આ સાથે, કરંટ એકાઉન્ટ ડેફિસિટ ઘટાડવામાં મદદ મળવી રૂપિયા અને માર્કેટ સેન્ટિમેન્ટ બંને માટે ફાયદાકારક રહેશે. કેન્દ્ર સરકારનો ડેટ-ટુ-જીડીપી રેશિયો ઘટીને ૫૫.૫% થવાની અપેક્ષા નાણાકીય શિસ્ત અને ફિસ્કલ સ્થિરતાનો સંકેત આપે છે, જે વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસને મજબૂત બનાવે છે. આ બધાં પરિબળો મળીને ભારતીય શેરબજાર માટે મિડિયમ ટુ લોંગ ટર્મમાં અનુકૂળ બેકડ્રોપ તૈયાર કરે છે.

**મિત્રો, નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં સ્થાનિક તેમજ વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા...**

સ્થાનિક સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૮,૨૨૮.૪૫ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૭,૬૪૨.૩૪ કરોડની ખરીદી, જુન ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૨,૬૭૩.૯૧ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૦,૯૩૯.૧૬ કરોડની ખરીદી, ઓગસ્ટ ૨૦૨૫માં અંદાજીત રૂ.૯૪,૮૨૮.૫૫ કરોડની ખરીદી, સપ્ટેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૬૫,૩૪૩.૫૯ કરોડની ખરીદી, ઓક્ટોબર ૨૦૨૫માં રૂ.૫૨,૭૯૪.૦૨ કરોડની ખરીદી, નવેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૭,૦૮૩.૭૮ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૯,૬૧૯.૯૧ કરોડની ખરીદી તેમજ ૦૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં અંદાજીત રૂ.૧૨,૩૦૭.૧૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

જ્યારે વિદેશી સંસ્થાઓના રોકાણ સંદર્ભે જોઈએ તો કેશ સેગમેન્ટમાં એપ્રિલ ૨૦૨૫માં અંદાજીત રૂ.૨૭૩૫.૦૨ કરોડની ખરીદી, મે ૨૦૨૫માં અંદાજીત રૂ.૧૧,૭૭૩.૨૫ કરોડની ખરીદી, જુન ૨૦૨૫માં અંદાજીત રૂ.૭૪૮૮.૯૮ કરોડની ખરીદી, જુલાઈ ૨૦૨૫માં અંદાજીત રૂ.૪૭,૬૬૬.૬૮ કરોડની વેચવાલી, ઓગસ્ટ ૨૦૨૫માં અંદાજીત રૂ.૪૬,૯૦૨.૯૨ કરોડની વેચવાલી, સપ્ટેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૩૫,૩૦૧.૩૬ કરોડની વેચવાલી, ઓક્ટોબર ૨૦૨૫માં ૨૩૪૬.૮૯ કરોડની વેચવાલી, નવેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૧૭,૫૦૦.૩૧ કરોડની વેચવાલી, ડીસેમ્બર ૨૦૨૫માં અંદાજીત રૂ.૩૪,૩૪૯.૬૨ કરોડની વેચવાલી તેમજ ૦૮ જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં અંદાજીત રૂ.૮,૦૧૭.૫૧ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

**બજારની ભાવિ દિશા...**

મિત્રો, આગામી સમયમાં ભારતીય શેરબજારની ભાવી દિશા સંયમિત આશાવાદ તરફ ઈશારો કરે છે. વૈશ્વિક સ્તરે વધતા જીઓપોલિટીકલ ટેન્શન, ટ્રેડ વોર જેવી સ્થિતિ અને રક્ષણાત્મક નીતિઓના કારણે ટૂંકાગાળે વોલેટિલિટી યથાવત્ રહેવાની શક્યતા છે. છતાં, ભારતની મજબૂત સ્થાનિક અર્થવ્યવસ્થા, સરકાર દ્વારા મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત અને એમએસએમઈ સેક્ટરને મળતા પ્રોત્સાહનો બજાર માટે આધારરૂપ બની રહ્યા છે. સ્ટીલ સહિત કેટલાક ક્ષેત્રોમાં આયાત મોંઘી બનાવીને સ્થાનિક ઉદ્યોગોને રક્ષણ આપવાના પગલાં લાંબા ગાળે સ્થાનિક સ્તરે ઉત્પાદન, રોજગાર અને કોર્પોરેટ કમાણીમાં સુધારો લાવવાની ક્ષમતા ધરાવે છે. ડિસેમ્બર માસમાં મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિમાં થોડી ધીમી ગતિ નોંધાઈ હોવા છતાં, સરકાર તરફથી વધારાના પ્રોત્સાહક પગલાંની અપેક્ષા અને બજેટ કેન્દ્રિત આશાઓ બજારની ભાવનાને મજબૂત રાખી શકે છે.

વર્ષ ૨૦૨૬ દરમિયાન ભારતીય શેરબજારમાં સિલેક્ટિવ તેજી સાથે સ્ટોક-સ્પેસિફિક અવસર વધુ સ્પષ્ટ બનતા જશે એવી અપેક્ષા છે. વર્ષ ૨૦૨૫માં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોના સતત રોકાણના જોરે ઈન્ડેક્સ સ્તરે મજબૂતી જળવાઈ રહી છે, જ્યારે ફોરેન ફંડોના વેચાણથી અનેક ગુણવત્તાવાળા શેરોમાં ભાવ સુધારાની તક ઊભી થઈ છે. નિષ્ણાંતોનું માનવું છે કે નીચા ભાવ સ્તરે વિદેશી રોકાણકારો ફરીથી ખરીદી તરફ વળે તેવી શક્યતા છે, જે બજારમાં નવી ઊર્જા ભરી શકે છે. સાથે જ, ત્રીજા ત્રિમાસિકના કોર્પોરેટ પરિણામોની સીઝન શરૂ થતાં જ કમાણી આધારિત બોટમફિશિંગ વધવાની શક્યતા છે. મજબૂત બેલેન્સશીટ, સ્થિર કેશફ્લો અને વૃદ્ધિની સ્પષ્ટ દિશા ધરાવતી કંપનીઓમાં રોકાણકારોની રસપ્રતિષ્ઠા વધશે અને મધ્યમથી લાંબા ગાળે ભારતીય શેરબજાર ફરી વ્યાપક તેજીની દિશામાં આગળ વધે તેવી આશા રાખી શકાય.


બાકી મારી અંગત સલાહ મુજબ તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર... કેમ ખરૂં ને..!!!




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 15.12.2025 TO 19.12.2025 | 26145.40 | 26070.00 | 26132.50 | 25801.00 | 26030.00 | -115.40 |
| 22.12.2025 TO 26.12.2025 | 26030.00 | 26150.00 | 26269.70 | 26041.00 | 26058.00 | 28.00 |
| 29.12.2025 TO 02.01.2026 | 26060.20 | 26080.00 | 26480.00 | 25934.60 | 26478.30 | 418.10 |
| 05.01.2026 TO 09.01.2026 | 26455.40 | 26500.00 | 26510.00 | 25725.00 | 25810.80 | -644.60 |

નિફ્ટી ફ્યુચર તા. ૫-૧-૨૦૨૬ ના રોજ ૨૬૫૦૦ પોઈન્ટ ખુલીને ૨૫૭૨૫ પોઈન્ટના નીચા મથાળેથી ૨૬૫૧૦ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૭૮૫ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૬૪૪ પોઈન્ટના ઘટાડે ૨૫૮૧૦ પોઈન્ટ બંધ થયેલ.

**નિફ્ટી ફ્યુચર : ૨૫૮૧૦ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૨૫૮૮૦ પોઈન્ટ થી ૨૫૯૩૯ પોઈન્ટ, ૨૬૦૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 15.12.2025 TO 19.12.2025 | 59657.80 | 59599.80 | 59750.00 | 58913.19 | 59231.40 | -426.40 |
| 22.12.2025 TO 26.12.2025 | 59231.40 | 59424.80 | 59590.00 | 59010.00 | 59055.00 | -176.40 |
| 29.12.2025 TO 02.01.2026 | 59065.80 | 59114.80 | 60400.00 | 58831.80 | 60390.00 | 1324.20 |
| 05.01.2026 TO 09.01.2026 | 60341.00 | 60430.00 | 60538.40 | 59441.00 | 59525.00 | -816.00 |

બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૫-૧-૨૦૨૬ ના રોજ ૬૦૪૩૦ પોઈન્ટ ખુલીને ૫૯૪૪૧ પોઈન્ટના નીચા મથાળેથી ૬૦૫૩૮ પોઈન્ટના ઊંચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૧૦૯૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૮૧૬ પોઈન્ટના ઘટાડે ૫૯૫૨૫ પોઈન્ટ બંધ થયેલ.

**બેન્ક નિફ્ટી ફ્યુચર : ૫૯૫૨૫ પોઈન્ટ** આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૫૯૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૫૯૧૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૫૯૬૦૬ પોઈન્ટ થી ૫૯૭૩૭ પોઈન્ટ, ૫૯૮૦૮ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૫૯૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી.

## ફ્યુચર રોકાણ

**(૧) ICICI બેન્ક (૧૪૧૦) :** પ્રાઈવેટ બેન્ક સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૯૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૭૭ ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૩૪ થી રૂ.૧૪૪૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૪૪૬ઉપર તેજી તરફી ધ્યાન...!!

**(૨)એક્સિસ બેન્ક (૧૨૭૮) :** A/T+1 ગ્રુપનો આ સ્ટોક રૂ.૧૨૪૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૨૩૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૨૯૦ થી રૂ.૧૩૦૩ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

**(૩) ટાટા કન્ઝ્યુમર (૧૧૮૪) :** રૂ.૧૧૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૧૪૪ બીજા સપોર્ટથી ટી એન્ડ કોફી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૯૩ થી રૂ.૧૨૦૩ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!!

**(૪) ઈન્ફોસિસ લિમિટેડ (૧૬૨૧) :** ટેકનીકલ ચાર્ટ મુજબ કમ્પ્યુટર્સ સોફટવેર એન્ડ કન્સલ્ટિંગ સેકટર સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૪૪ આસપાસ સપોર્ટથી રૂ.૧૬૦૮ થી રૂ.૧૫૯૭ ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૬૫૦ નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

**(૫) અદાણી પોર્ટ (૧૪૩૪) :** રૂ.૧૪૬૪ આસપાસ ઓવરબોટ પોઝિશનની શક્યતાએ આ સ્ટોક રૂ.૧૪૭૦ ના સપોર્ટ તબક્કાવાર રૂ.૧૪૧૪ થી રૂ.૧૪૦૪ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૪૭૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

**(૬) JSW સ્ટીલ (૧૧૬૪) :** આર્યન એન્ડ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૧૯૫ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૧૫૦ થી રૂ.૧૧૪૪ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક સ્ટોક મુવમેન્ટ

**(૧) ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન (૩૪૭) :** A/T+1 ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૩૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૨૮ ના સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૫૫ થી રૂ.૩૬૩ નો ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૭૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

**(૨) NTPC લિ. (૩૩૪) :** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૨૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૩૨૦ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૩૪૪ થી રૂ.૩૫૦ નો ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

**(૩) જ્યુપિટર વેગન્સ (૨૯૦) :** રૂ.૨૮૩ નો પ્રથમ તેમજ રૂ.૨૭૭ ના બીજા સપોર્ટથી ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૩૦૩ થી રૂ.૩૧૩ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

**(૪) મહિન્દ્રા લોજિસ્ટિક્સ (૨૯૭):** લોજિસ્ટિક્સ સોલ્યુશન પ્રોવાઈડર સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૧૩ થી રૂ.૩૧૯ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૮૮ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો....!!

**(૫) પાવર ગ્રીડ કોર્પોરેશન (૨૫૫):** રૂ.૨૪૭ નો પ્રથમ તેમજ રૂ.૨૩૬ ના સ્ટ્રોંગ સપોર્ટથી પાવર – ટ્રાન્સમિશન સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૭૩ થી ૨૮૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

**(૬) હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ (૨૦૨) :** સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૮૮ આસપાસના સ્ટ્રોંગ સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૨૧૮ થી રૂ.૨૨૪ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

**(૭) ગુજરાત પીપાવાવ પોર્ટ (૧૮૦) :** આ સ્કીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૭૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી ટૂંકા ગાળે અંદાજીત રૂ.૧૮૮ થી રૂ.૧૯૪ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

**(૮) DCB બેન્ક (૧૭૩) :** ટેકનીકલ ચાર્ટ મુજબ પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૪ આસપાસ રોકાણકારે રૂ.૧૮૨ થી રૂ.૧૮૮ ના ભાવ સપાટીની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટૂંકાગાળે રૂ.૧૫૭ સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

## સ્મોલ સેવિંગ્ઝ સ્કીપો

**(૧) IDFC ફર્સ્ટ બેન્ક (૮૦) :** પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૮૮ થી રૂ.૯૫ ના ભાવ સપાટીની સંભાવના ધરાવે છે...!! રૂ.૭૩ નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!

**(૨) આદિત્ય બિરલા ફેશન (૭૦) :** ડિલેવરીબેઈઝ રોકાણકારે સ્પેશિયલીટી રીટેલ સેક્ટરનાં આ સ્ટોકને ૬૩ ના અતિ મહત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે રૂ.૭૭ થી રૂ.૮૫ સુધીની ભાવ સપાટી નોંધાવશે...!!!

**(૩) ડેલ્ટા કોર્પ (૬૨) :** ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૭ નો પ્રથમ તેમજ રૂ.૫૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી અમ્યુસમેન્ટ પાર્ક્સ / અધર રિક્રીએશન સેકટરનો આ સ્ટોક ટુંકાગાળે ૬૮ થી રૂ.૭૫ સુધીના ભાવ સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

**(૪) લોયડ્સ એન્જિનિયરિંગ (૪૭):** રૂ.૪૩ ના સ્ટ્રોંગ સપોર્ટથી રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૫૩ થી રૂ.૬૦ ની ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે....!!

The Securities quoted are for illustration only and are not recommendatory. Investment in securities market are subject to market risks.
Read Disclaimer and related all the documents carefully before investing, mentioned on www.nikhilbhatt.in
ખાસ નોંધ : ડિસ્ક્લેમર/પોલીસી/શરતો-https://www.capsavaj.com/policies ને આધિન....!!

**તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...**

**નિફ્ટી ફ્યુચર રેન્જ ૨૫૬૦૬ થી ૨૬૦૦૮ પોઈન્ટ ધ્યાને લેવી...!!!**

# ડિસેમ્બર માસમાં UPI ટ્રાન્ઝેક્શનમાં મજબુત ઉછાળો...!!



ભારતનું અર્થતંત્ર ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે અને સમયાંતરે જાહેર થતાં આંકડા દેશની મજબૂત વિકાસયાત્રાને સ્પષ્ટ રીતે દર્શાવે છે. બહાર આવી રહેલા દરેક નવા ડેટામાં આ વૃદ્ધિની ઝલક સ્પષ્ટ દેખાઈ રહી છે. દેશના સૌથી મોટા ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ UPIમાં ડિસેમ્બર મહિનામાં નવેમ્બરની નબળી કામગીરી બાદ ફરી એક વખત મજબૂત ઉછાળો નોંધાયો છે. નવેમ્બરમાં જોવા મળેલી સામાન્ય મંદી પછી ડિસેમ્બરમાં UPI વ્યવહારોની સંખ્યા અને તેમના કુલ મૂલ્યમાં વધારો થયો છે અને નવા રેકોર્ડ સર્જાયા છે.

વર્ષના અંતે ખર્ચ વધતા ડિજિટલ પેમેન્ટ્સ નવી સપાટીએ પહોંચ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના આંકડાઓ અનુસાર, ડિસેમ્બર મહિનામાં UPI મારફતે ૨૧.૬ અબજથી વધુ ટ્રાન્ઝેક્શનો થયા છે. માત્ર ટ્રાન્ઝેક્શનોની સંખ્યા જ નહીં, પરંતુ તેમનું કુલ મૂલ્ય પણ અંદાજે રૂ.૨૮ લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે. નવેમ્બર મહિનામાં કુલ ૨૦.૪૭ અબજ વ્યવહારો થયા હતા, જેમાં રૂ.૨૬.૩૨ લાખ કરોડનું મૂલ્ય નોંધાયું હતું. તેની સરખામણીએ ડિસેમ્બર મહિનામાં ૨૧.૬૩ અબજ વ્યવહારો થયા છે અને તેમનું મૂલ્ય રૂ.૨૭.૯૭ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. દૈનિક સરેરાશ ટ્રાન્ઝેક્શનો પણ ૬૮.૨ કરોડથી વધીને લગભગ ૬૯.૮ કરોડ થયા છે. ડિસેમ્બરમાં UPI આંકડાઓમાં આવેલા ઉછાળાનું મુખ્ય કારણ તહેવારો અને નવા વર્ષની તૈયારીઓ હોવાનું માનવામાં આવે છે. ક્રિસમસ અને નવા વર્ષ દરમિયાન ખરીદી, મુસાફરી, બુકિંગ, હોટલ, ઓનલાઈન શોપિંગ અને રિટેલ ખર્ચમાં થયેલા વધારાનો પ્રભાવ આ આંકડાઓમાં દેખાઈ રહ્યો છે. લોકો દ્વારા રોકડના બદલે ડિજિટલ પેમેન્ટને વધારે પ્રાધાન્ય આપવાના કારણે UPIનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. UPI સિવાય IMPS અને FASTag જેવી અન્ય ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાઓમાં પણ ડિસેમ્બર મહિનામાં સુધારો જોવા મળ્યો છે. IMPS ટ્રાન્ઝેક્શનોની સંખ્યા તેમજ તેમના મૂલ્યમાં વધારો નોંધાયો છે, જ્યારે FASTagનો ઉપયોગ પણ વધ્યો છે. જોકે આધાર આધારિત ચુકવણી પ્રણાલીઓમાં થોડો ઘટાડો નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

# નવેમ્બરમાં ઉદ્યોગોને બેન્ક ધિરાણ ૯.૬% વધ્યું; RBI ડેટા

રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ મુજબ નવેમ્બર મહિનામાં ઉદ્યોગોને બેન્કો દ્વારા આપવામાં આવતું ધિરાણ વાર્ષિક ધોરણે ૯.૬% વધ્યું હતું, જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં ધિરાણમાં ૮.૩% વધારો થયો હતો. આરબીઆઈના ડેટા અનુસાર, ૨૮ નવેમ્બરે પૂર્ણ થયેલા પખવાડિયામાં નોન-ફૂડ બેન્ક ક્રેડિટમાં ૧૧.૪% વૃદ્ધિ નોંધાઈ હતી, જે ગયા વર્ષે આ ગાળામાં ૧૦.૬% હતી.

સેક્ટરવાર જોવામાં આવે તો માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝિસને મળતું ધિરાણ ડબલ ડિજિટ વૃદ્ધિ સાથે વધ્યું હતું. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એન્જિનિયરિંગ, ટેક્સટાઈલ, પેટ્રોલિયમ, કોલસા અને ન્યુક્લિયર ફ્યુઅલ જેવા ઉદ્યોગોમાં બેન્ક ધિરાણમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. કૃષિ અને તેની સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ માટેનું ધિરાણ ૮.૭% વધ્યું હતું, જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં તેમાં ૧૫.૩% વધારો નોંધાયો હતો.

સર્વિસિસ સેક્ટરને મળતું ધિરાણ ૧૧.૭% વધ્યું હતું, જે ગયા વર્ષે આ ગાળામાં ૧૨.૮% હતું. આ ઉપરાંત એનબીએફસી અને કમ્પ્યુટર સોફ્ટવેર સેક્ટરમાં પણ બેન્ક ધિરાણમાં વધારો થયો હતો. ટ્રેડ અને કોમર્શિયલ રિયલ એસ્ટેટ સેક્ટરને મળતા ધિરાણમાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ હતી. પર્સનલ લોન સેગમેન્ટમાં ૧૨.૮% વધારો જોવા મળ્યો હતો, જ્યારે ગયા વર્ષે આ ગાળામાં આ વૃદ્ધિ ૧૩.૪% હતી.

# વર્ષ ૨૦૨૫માં મ્યુચ્યુઅલ ફન્ડોની નેટ ખરીદી રૂ.૪.૯૦ ટ્રિલિયન રહી...!!




સમાપ્ત થયેલા કેલેન્ડર વર્ષ ૨૦૨૫ દરમિયાન દેશની ઈક્વિટી બજારમાં મ્યુચ્યુઅલ ફન્ડોની નેટ ખરીદી રૂ.૪.૯૦ ટ્રિલિયન રહી છે. અગાઉના વર્ષ ૨૦૨૪માં નોંધાયેલા રૂ.૪.૩૦ ટ્રિલિયનની ખરીદીની સરખામણીએ આ આંકડો લગભગ ૧૩% વધુ રહ્યો છે, એમ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના આંકડા જણાવે છે. વર્ષ ૨૦૨૫માં ફન્ડ હાઉસો સહિત સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ) દ્વારા ઈક્વિટી કેશ સેગમેન્ટમાં કુલ નેટ ખરીદી રૂ.૭,૮૮,૧૮૪.૩૮ કરોડ નોંધાઈ છે.

છેલ્લા કેટલાક વર્ષોથી મ્યુચ્યુઅલ ફન્ડો ભારતીય ઈક્વિટીઝમાં સતત સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ખાસ કરીને રિટેલ રોકાણકારોના સતત ઈન્ફ્લો થવાને કારણે ફન્ડ હાઉસોની ઈક્વિટી ખરીદીમાં આક્રમકતા જોવા મળી રહી છે. બજારમાં ભારે વોલેટિલિટી હોવા છતાં રિટેલ રોકાણકારોએ મ્યુચ્યુઅલ ફન્ડોની ઈક્વિટી સ્કીમ્સ મારફતે રોકાણ ચાલુ રાખ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) ગત વર્ષ સતત પાંચમી વખત ભારતીય ઈક્વિટી કેશ માર્કેટમાં નેટ વેચાણકાર રહ્યા હતા, ત્યારે ડીઆઈઆઈના મજબૂત ટેકાથી શેરબજારને સહારો મળતો રહ્યો છે.

સતત ખરીદીના પરિણામે ફન્ડ હાઉસો પાસેની ઈક્વિટી હોલ્ડિંગ પ્રથમ વખત ગયા વર્ષે રૂ.૫૦ ટ્રિલિયનને પાર કરી ગઈ હતી. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે માત્ર છેલ્લા બે વર્ષમાં જ ઈક્વિટી હોલ્ડિંગમાં બમણો વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૫માં ડીઆઈઆઈ દ્વારા કરવામાં આવેલી ખરીદી ૨૦૦૮ પછીના સમયગાળામાં કોઈ એક વર્ષમાં થયેલી સૌથી ઊંચી ખરીદી હોવાનું માનવામાં આવે છે.

રોકાણકારોના સતત ઈન્ફ્લો, ખાસ કરીને સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઈપી) મારફતે થતા રોકાણને કારણે મ્યુચ્યુઅલ ફન્ડોની કુલ એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) વર્તમાન વર્ષના નવેમ્બર અંતે રૂ.૮૦.૮૦ ટ્રિલિયન સુધી પહોંચી હતી, જ્યારે વર્ષના આરંભે એયુએમ રૂ.૬૬.૯૦ ટ્રિલિયન હતી. આ રીતે એક જ વર્ષમાં એયુએમમાં અંદાજે ૨૧%નો વધારો નોંધાયો છે.

છેલ્લા ત્રણ વર્ષથી ફન્ડ હાઉસોની એયુએમમાં વાર્ષિક સરેરાશ ૨૦%નો વૃદ્ધિદર જોવા મળી રહ્યો છે. તેમ છતાં, ભારતીય શેર બજારમાં થયેલા કરેકશન અને ઊંચી વોલેટિલિટીના કારણે મ્યુચ્યુઅલ ફન્ડ્સ મારફતે શેર બજારમાં પ્રવેશ કરતા નવા રોકાણકારોની ગતિમાં થોડી મંદી દેખાઈ રહી છે. ગત વર્ષના નવેમ્બર સુધીમાં મ્યુચ્યુઅલ ફન્ડોએ કુલ ૫૮ લાખ નવા રોકાણકારોને જોડ્યા હતા, જે ૨૦૨૪ દરમિયાન ઉમેરાયેલા ૧.૦૬ કરોડ નવા રોકાણકારોની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછા રહ્યા હતા.

# વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં ભારે ઉતાર-ચઢાવ...!!

આંતરરાષ્ટ્રીય બજારમાં ફરી એકવાર ક્રૂડ ઓઈલના ભાવોમાં ભારે ચઢાવ-ઉતાર શરૂ થયો છે. વેનેઝુએલા પર અમેરિકાની કાર્યવાહી ઉપરાંત રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈરાન સહિત અન્ય દેશો સાથે વધતા તણાવને કારણે બજારમાં મોટી અસ્થિરતા જોવા મળી રહી છે. વિવિધ રિસર્ચ અને વિશ્લેષક અહેવાલો મુજબ વૈશ્વિક સ્તરે ઓવરસપ્લાયની સ્થિતિ હોવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં વધુ ઘટાડાની શક્યતા છે. આ પરિસ્થિતિનો અસર માત્ર ક્રૂડ ઓઈલ માર્કેટ સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ પેટ્રોલ-ડીઝલના ભાવ, ફુગાવો, રૂપિયાની ગતિ અને દેશના આર્થિક વિકાસ પર પણ પડશે. વેનેઝુએલા વૈશ્વિક ક્રૂડ ઉત્પાદનનો ૧% કરતાં પણ ઓછો હિસ્સો ધરાવતું હોવાથી તેના સપ્લાયમાં ખલેલથી બજારમાં મર્યાદિત અસર થવાની ધારણા છે. જોકે એસબીઆઈ રિસર્ચના જણાવ્યા અનુસાર ઓપેક પ્લસ દેશોએ ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો ત્યારથી ક્રૂડના ભાવ પર દબાણ વધી ગયું છે. અહેવાલ અનુસાર ૨૦૨૬ની શરૂઆતમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો સરેરાશ ભાવ લગભગ ૫૫ ડોલર પ્રતિ બેરલ રહી શકે છે. એસબીઆઈ રિસર્ચનું માનવું છે કે ભારત માટે મહત્વ ધરાવતા બ્રેન્ટ ક્રૂડના ભાવ માર્ચ ૨૦૨૬ સુધીમાં ૫૩ ડોલર અને જૂન ૨૦૨૬ સુધીમાં ૫૨ ડોલર પ્રતિ બેરલ સુધી ઘટી શકે છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડાનો સીધો લાભ ભારતને મળવાની શક્યતા છે. એસબીઆઈ રિસર્ચ મુજબ ઈંધણના ભાવ ઘટતા પેટ્રોલ અને ડીઝલ સસ્તા થઈ શકે છે અને ફુગાવામાં વધુ ઘટાડો જોવા મળી શકે છે. રિપોર્ટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં સરેરાશ સીપીઆઈ ફુગાવો ૩.૪% થી નીચે રહી શકે છે. સસ્તું તેલ ભારતના આયાત બિલમાં ઘટાડો લાવશે, જેના કારણે રૂપિયો મજબૂત થવાની સંભાવના છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### ગિલે T20 વર્લ્ડ કપમાંથી બહાર થવા પર તોડ્યું મૌન

## મારા કિસ્મતમાં જે લખાયું છે, તેને કોઈ છીનવી શકતું નથી

### ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી, જેમાં શુભમન ગિલનો સમાવેશ કરવામાં આવ્યો નહોતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦:** ટેસ્ટ અને ODI કેપ્ટન શુભમન ગિલને ICC મેન્સ T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવ્યો નહોતો. તે દક્ષિણ આફ્રિકા સામેની T20 શ્રેણીમાં ટીમનો ભાગ હતો, પરંતુ ખરાબ ફોર્મને કારણે તેને વર્લ્ડ કપ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો. ગિલે T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાંથી બહાર રહેવા અંગે પહેલીવાર પોતાનું મૌન તોડ્યું છે. શુભમન ગિલે કહ્યું, "હું પસંદગીકારોના નિર્ણયનું સન્માન કરું છું. ટી૨૦ વર્લ્ડ કપ માટે ટીમને શુભકામનાઓ. હું જ્યાં હોવો જોઈએ ત્યાં જ છું અને મારા કિસ્મતમાં જે લખાયું છે, તેને કોઈ છીનવી શકતું નથી. એક ખેલાડી તરીકે, હું હંમેશા મારા દેશ માટે મારું શ્રેષ્ઠ આપવાનો પ્રયત્ન કરું છું, પસંદગીકારોએ જે નિર્ણય લીધો છે, તે સ્વીકાર્ય છે."

હવે પ્રશ્ન એ છે કે શુભમન ગિલને કેમ બહાર કરવામાં આવ્યો ? તેનું કારણ તેનું ખરાબ ફોર્મ છે. ૨૦૨૫માં તે T20 માં રન બનાવી શક્યો નહીં. તે કેપ્ટન તરીકે સતત રમ્યો, પરંતુ વારંવાર નિષ્ફળ ગયો. ૨૦૨૫માં ગિલે ૧૫ T20 મેચમાં ૨૯૧ રન બનાવ્યા. તેની સરેરાશ ૨૪.૨૫ અને સ્ટ્રાઈક રેટ ૧૩૭.૨૬ હતી. તેણે એક પણ ફિફ્ટી ફટકારી નહોતી.



જ્યારે ગિલ વારંવાર નિષ્ફળ જઈ રહ્યો હતો, ત્યારે વિસ્ફોટક બેટ્સમેન સંજુ સેમસનને બેન્ચ પર હતો. જ્યારે ગિલને ગરદનની ઈજાને કારણે દક્ષિણ આફ્રિકા સામેની ODI શ્રેણીમાંથી બહાર કરવામાં આવ્યો હતો, ત્યારે તે અંતિમ T20 પણ ચૂકી ગયો હતો. સંજુ સેમસનને તેના સ્થાને તક આપવામાં આવી હતી, જ્યાં તેણે તેની પ્રભાવશાળી બેટિંગથી પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું.

૨૦૨૪માં પણ સેમસને T20 માં ૧૮૦થી વધુના સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા, જ્યારે ૨૦૨૫માં તે મધ્યમ ક્રમમાં પણ રમ્યો અને પોતાની કુશળતા સાબિત કરી. તેથી જ્યારે વર્લ્ડ કપ ટીમની જાહેરાત કરવામાં આવી, ત્યારે સંજુ સેમસનને ઓપનર તરીકે પસંદ કરવામાં આવ્યો, જ્યારે ગિલને બહાર રાખવામાં આવ્યો. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ભારતીય ટીમ : સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, સંજુ સેમસન, શિવમ દુબે, ઈશાન કિશન, હાર્દિક પંડ્યા, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રિંકુ સિંહ.

### વિરાટ કોહલી મસ્તીના મૂડમાં જોવા મળ્યો હતો

## ટ્રેનિંગ સેશન દરમિયાન કોહલીએ અર્શદીપ સિંહની મજાક ઉડાવી

### કોહલી અર્શદીપ સિંહની નકલ કરતો જોવો મળ્યો હતો, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦:** ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી પહેલા વિરાટ કોહલી મસ્તીના મૂડમાં જોવા મળ્યો હતો. વડોદરામાં રમાનારી મેચ માટે વિરાટે સખત પ્રેક્ટિસ કરી હતી. આ ટ્રેનિંગ સેશન દરમિયાન વિરાટ કોહલીએ અર્શદીપ સિંહની મજાક ઉડાવી હતી, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં, ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન ટીમ ઈન્ડિયાની ટ્રેનિંગ દરમિયાન યુવા ફાસ્ટ બોલર અર્શદીપ સિંહની રનિંગ સ્ટાઈલની નકલ કરતો જોવા મળ્યો હતો. ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની વનડે શ્રેણી પહેલા ટીમ ઈન્ડિયાની ટ્રેનિંગમાં સિનિયર બેટ્સમેન કોહલી અને રોહિત શર્માએ શાનદાર ફોર્મ બતાવ્યું હતું. રવિવારથી ODI શ્રેણી શરૂ થશે, ત્યારબાદ લાંબી T20 સીઝન શરૂ થશે જેમાં ન્યૂઝીલેન્ડ સામે પાંચ મેચની શ્રેણી, T20 વર્લ્ડ કપ અને IPLનો સમાવેશ થાય છે. વિજય હજારે ટ્રોફીમાં બે-બે મેચ રમ્યા બાદ કોહલી અને રોહિતે લગભગ દોઢ કલાક સુધી ભારતીય ઝડપી બોલરો, સ્પિનરો અને થ્રોડાઉન નિષ્ણાતોનો સામનો કર્યો. ઘરેલુ ટુર્નામેન્ટમાં ૭૭ અને ૧૩૧ રન બનાવનાર કોહલીએ ભારતીય સ્પિનરો અને ઝડપી બોલરોનો આક્રમક રીતે સામનો કર્યો. જોકે, ભારતના મધ્યમ ક્રમના બેટ્સમેન શ્રેયસ ઐયર અને ઋષભ પંત તેમજ ઝડપી બોલર મોહમ્મદ સિરાજે ગુરુવારે વિજય હજારે ટ્રોફીમાં પોતપોતાની રાજ્ય ટીમો માટે રમતા હોવાથી ત્રણ કલાકના તાલીમ સત્રમાં ભાગ લીધો ન હતો. આ ત્રણેય ખેલાડીઓ શનિવારે ટીમમાં જોડાય તેવી અપેક્ષા છે. ભારતના કેપ્ટન શુભમન ગિલે પણ પોતાની તાલીમ અને બેટિંગ પ્રેક્ટિસ આરામથી પૂર્ણ કરી, ડિસેમ્બરના અંતમાં પગની ઈજાને કારણે દક્ષિણ આફ્રિકા સામે છેલ્લી બે T20 મેચ ગુમાવી હતી.



ન્યૂઝીલેન્ડ શ્રેણી માટે ભારતની ODI ટીમ: શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ (વિકેટકીપર), શ્રેયસ ઐયર (ઉપ-કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ કૃષ્ણ, કુલદીપ યાદવ, ઋષભ પંત (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, યશસ્વી જયસ્વાલ.

## ઓડિશાના રાઉરકેલામાં વિમાન ક્રેશ, સદનસીબે બધા યાત્રી સુરક્ષિત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભુવનેશ્વર, તા.૧૦**

ઓડિશાના રાઉરકેલા હેલીપેડથી લગભગ નવ કિલોમીટર દૂર એક નાના વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ઉડાન દરમિયાન ટેક્નિકલ ખરાબીને કારણે વિમાનનું લેન્ડિંગ કરવામાં આવ્યું છે. પાયલટને ઈજા પહોંચી છે અને તેને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યો છે. કુલ છ લોકો ઘાયલ થયા છે. તત્કાલ બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું, જેનાથી બધાને સમય રહેતા સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા. અધિકારીઓ ઘટનાની તપાસ કરી રહ્યાં છે.

ભુવનેશ્વરથી રાઉરકેલા જઈ રહેલું ૯ સીટવાળું આ વિમાન કથિત રીતે ટેક-ઓફના લગભગ ૧૦ કિલોમીટર બાદ દુર્ઘટનાનો શિકાર બન્યું હતું. વિમાન બપોરે ૧.૧૫ કલાકે રાઉરકેલામાં લેન્ડ કરવાનું હતું, પરંતુ વિમાને ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. વિમાનમાં ચાર યાત્રી અને બે ક્રૂ મેમ્બર સવાર હતા. જેમાં કેપ્ટન નવીન કડંગા અને કેપ્ટન તરૂણ શ્રીવાસ્તવ સામેલ છે. અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે આ ઘટનામાં છ લોકોને ઈજા થઈ છે. બધાને સુરક્ષિત કાઢવામાં આવ્યા અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ક્રેશ થયા બાદ બચાવ અભિયાનમાં ત્રણ ફાયરની ટીમ લાગી હતી. જ્યારે દુર્ઘટનાની જાણકારી મળી તો તત્કાલ બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. સ્થાનીક લોકો અને પોલીસે પણ બચાવ અભિયાનમાં મદદ કરી. આ કારણ છે કે લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે વધુ નીચે પાસે આવતા પહેલા વિમાને ઈમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કર્યો. આ કારણ છે કે લોકો ડરી ગયા. પ્લેન વધુ નીચે આવી ગયું. લોકો પ્રમાણે આટલું નીચું પ્લાન ક્યારેય જોયું નથી. થોડી વારમાં આ પ્લેન ક્રેશ થઈ ગયું હતું.

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું મોટું નિવેદન

# બાંગ્લાદેશની ઘટના પર બધા મૌન છે, હિન્દુઓના ભાગલા વિનાશનું કારણ બનશે

### પ્રયાગરાજમાં સીએમ યોગીએ કહ્યું કે, આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**પ્રયાગરાજ, તા.૧૦**

બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી છે, જેમાં લઘુમતીઓ તેનો શિકાર બની રહ્યા છે. મીડિયા અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં ૭ જેટલા હિન્દુઓનો ભોગ લેવાયો છે. ત્યારે હવે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ મામલે વિપક્ષ પર મોટા પ્રહાર કર્યા છે. પ્રયાગરાજમાં જગદગુરૂ રામાનંદાચાર્યની ૭૨૬મી જયંતિ સમારોહને સંબોધિત કરતા સીએમ યોગીએ કહ્યું કે, આજે હિન્દુ સમાજમાં જાતિ, મત અને સંપ્રદાયના નામ પર ભાગલા પાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે ચેતવણી ભર્યા અંદાજમાં કહ્યું કે, આ ભાગલા એ રીતે વિનાશનું કારણ બનશે, જે આજે બાંગ્લાદેશમાં જોવા મળી રહ્યા છે.

યોગીએ કહ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ સાથે જે કંઈ થઈ રહ્યું છે, તેના પર કહેવાતા સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચલનારા લોકો મૌન છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, એવું લાગે છે કે જાણે કોઈ તેમના મોં પર ફેવિકોલ ચીપકાવી દીધી હોય કે ટેપ ચીપકાવી દીધી હોય. બાંગ્લાદેશની ઘટનાઓને લઈને ન તો કોઈ કેન્ડલ માર્ચ નિકળી રહી છે, ન તો કોઈ અવાજ ઉઠાવાઈ રહ્યા છે. આ સ્થિતિ આપણા સૌ માટે એક મોટી ચેતવણી છે.

પ્રયાગરાજમાં સનાતન ધર્મ અને સમાજની એકતાને લઈને સીએમ યોગીએ કહ્યું કે, ગત પાંચ-છ દિવસોમાં માઘ મેળામાં ૧ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે, એ સ્પષ્ટ સંકેત છે કે સનાતન આસ્થા આજે પણ સંપૂર્ણ રીતે જીવંત અને પ્રબળ છે. મુખ્યમંત્રીએ તેને સમાજની સામૂહિક આસ્થા અને વિશ્વાસની અનોખી શક્તિ ગણાવી.

યોગી આદિત્યનાથે વધુમાં કહ્યું કે, સનાતન આસ્થાને વધુ મજબૂત કરવા માટે ડબલ એન્જિનની સરકાર સતત જનતાની સાથે છે. સમાજની જવાબદારી બને છે કે હિન્દુઓને તોડવા અને ભાગલા પાડનારા લોકોને કોઈપણ સંજોગોમાં ઉદભવવા ન દે. સમાજમાં એકતાને નબળી પાડનારા કોઈપણ પ્રયાસને રોકવા જોઈએ અને આગળ ન વધવા દેવા જોઈએ.

મુખ્યમંત્રીએ કહ્યું કે, જો સમાજ એકજુટ થઈને દઢ સંકલ્પ સાથે આગળ વધે છે તો આવનારો સમય સનાતન ધર્મનો હશે. જે પ્રકારે ભવ્યતા અને દિવ્યતા સાથે સનાતન ધ્વજ (અયોધ્યામાં) ફરકાવાઈ રહ્યો છે, તે રીતે આખા વિશ્વમાં સનાતન ધર્મની ઓળખ સ્વાભાવિક રીતે સ્થાપિત થશે. જ્યારે સનાતનની શક્તિ અને સમાજની એકતા વિશ્વ સમક્ષ આવશે, તો કોઈપણ જગ્યાએ હિન્દુ સમાજ, ખાસ કરીને નબળા અને દલિત વર્ગના લોકો વિરુદ્ધ હિંસાનું દુસ્સાહસ નહીં થાય.

મુખ્યમંત્રીએ ભાર આપતા કહ્યું કે, સનાતન ધર્મની મજબૂતી માત્ર આસ્થાથી નથી, પરંતુ સમાજની એકતા, સજાગતા અને સામૂહિક સંકલ્પથી સંભવ છે. એકજૂટ રહીને સનાતન મૂલ્યોની રક્ષા અને તેના વિસ્તાર માટે સતત પ્રયાસ કરો. સેક્યુલરિઝમનો ઠેકો લઈને ચાલનારા લોકો હિન્દુ સમાજ અને સનાતન ધર્મને નબળો પાડવામાં પોતાની સંપૂર્ણ તાકાત લગાવી દે છે, બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર પર તેના મોં બંધ છે, લાગે છે કોઈએ ફેવિકોલ ચીપકાવી દીધો છે.

### ગણતંત્ર દિવસ પહેલા પાકિસ્તાનનું મોટું કાવતરું નિષ્ફળ!

## BSFએ જમ્મુમાં ડ્રોનથી મોકલાયેલા હથિયારો ઝડપ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**જમ્મુ, તા.૧૦**

ગણતંત્ર દિવસ પહેલા જમ્મુમાં હિંસા ફેલાવવાના રિપોર્ટ્સ વચ્ચે સુરક્ષા દળોએ શનિવારે (૧૦ જાન્યુઆરી, ૨૦૨૬) જમ્મુના સાંબા જિલ્લામાં ઈન્ટરનેશનલ બોર્ડર પાસે એક ફોરવર્ડ વિસ્તારમાંથી હથિયારોનો જથ્થો ઝડપ્યો છે. આશંકા છે કે, હથિયારોનો આ જથ્થો પાકિસ્તાની ડ્રોન દ્વારા અહીં ફેંકવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, પાકિસ્તાનને અડીને આવેલી આંતરરાષ્ટ્રીય બોર્ડર પાસે BSFને હથિયારોનો જથ્થો મળ્યો હતો. જેમાં બે પિસ્તોલ, ત્રણ મેગઝીન, ૧૬ રાઉન્ડ અને એક ગ્રેનેડનો સમાવેશ થાય છે. આતંકવાદીઓ દ્વારા ૨૬મી જાન્યુઆરીના દિવસે કોઈ કાર્યક્રમને નિષ્ફળ કરવાના પ્રયાસની શંકાને ધ્યાનમાં રાખીને વધારવામાં આવેલી સુરક્ષા દરમિયાન આ જથ્થો મળી આવ્યો હતો. બોર્ડર નજીકના વિસ્તારમાં એક ડ્રોનની શંકાસ્પદ હરકતની જાણકારી મળતાં BSF અને જમ્મુ-કાશ્મીર પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમ શુક્રવારની મોડી રાત સુધી ધગવાલના પાલૂરા ગામમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ સર્ચ ઓપરેશન દરમિયાન એક નાળાના કિનારે એક પેકેટ મળી આવ્યું હતું. સુરક્ષા ટીમે બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની મદદથી પેકેટને ખોલ્યું તો તેમાંથી હથિયાર મળી આવ્યા હતા.

આ દરમિયાન ઉત્તર ભારત તરફથી જમ્મુમાં પણ ઠંડીને કહેર જોવા મળી રહ્યો છે. જેનો ફાયદો ઉઠાવીને પાકિસ્તાન ઘૂસણખોરી કરવાની ફિરાકમાં છે. આ સાથે પાકિસ્તાની ડ્રોનના માધ્યમથી જમ્મુમાં રહેલા આતંકવાદીઓ અને તેમને મદદગારોને હથિયારો પહોંચાડવાનું પ્લાનિંગ કરી રહ્યું હોવાનું સામે આવ્યું છે.

તમને જણાવી દઈએ કે, નવા વર્ષના પહેલા દિવસે આજ પ્રકારની હરકત કરવામાં આવી હતી. તે સમયે પણ જમ્મુ વિસ્તારમાં પાકિસ્તાને ડ્રોન થકી હથિયાર મોકલ્યા હતા. જેમાં સુરક્ષા દળને સર્ચ ઓપરેશન દરમિયાન દારૂગોળો અને અનેક હથિયાર મળી આવ્યા હતા.

### અયોધ્યા રામ મંદિરમાં સુરક્ષામાં મોટી ચૂક

## પરિસરમાં નમાઝ પઢતા એક યુવકને પોલીસે દબોચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઓયધ્યા, તા.૧૦**

અયોધ્યાથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં રામ મંદિર પરિસરમાં નમાઝ પઢવાનો પ્રયાસ કરતા એક યુવકની સુરક્ષા દળોએ અટકાયત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવકે રામ મંદિર પરિસરના નમાઝ પઢવાનો પ્રયાસ કર્યો હતો. સુરક્ષાકર્મીઓ અને પોલીસ દ્વારા જ્યારે યુવકને અટકાવવામાં આવ્યો, ત્યારે તેણે નારેબાજી શરૂ કરી દીધી હતી, જે બાદ ઘટનાસ્થળે હાજર સુરક્ષા દળોએ તેની તાત્કાલિક અટકાયત કરી હતી.

આ ઘટનાની માહિતી મળતાં જ ગુપ્તચર એજન્સીઓ, સ્થાનિક પોલીસ અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ સક્રિય થઈ ગયા છે. યુવકની પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેના ઈરાદા તથા પૃષ્ઠભૂમિની ઊંડી તપાસ કરવામાં આવી રહી છે. જોકે, આ મામલે હજુ સુધી કોઈ અધિકારીનું સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી. તો રામ મંદિર ટ્રસ્ટે પણ આ મામલે કોઈ નિવેદન આપ્યું નથી. સૂત્રોનું કહેવું છે કે, યુવકની ઓળખ કાશ્મીરના શોપિયાંના રહેવાસી અહેમદ શેખ તરીકે થઈ છે. અહેમદ શેખ ગેટ ડી-૧ દ્વારા મંદિરમાં પ્રવેશ્યો હતો. તે રામ મંદિર સંકુલમાં નમાઝ પઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો, ત્યારે કેટલાક લોકોની નજર તેના પર પડી ગઈ. જે બાદ મંદિરના સુરક્ષાકર્મીઓએ તેને અટકાવ્યો હતો, જેથી યુવક નારેબાજી કરવા લાગ્યો હતો. હાલ યુવકની અટકાયત કરવામાં આવી છે.

સૂત્રોનું કહેવું છે કે, આ મામલાની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા એજન્સીઓ દરેક પાસાની તપાસ કરી રહી છે, જેથી કોઈ પણ પ્રકારની અફવા કે કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ઉભી ન થાય.

## મુંબઈના ગોરેગાંવમાં મકાનમાં અચાનક આગ લાગતા શ્વાસ રુંધાતા મહિલા સહિત ૩ના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૦**

મુંબઈના ગોરેગાંવ પશ્ચિમ સ્થિત ભગતસિંહ નગરમાં શનિવારે, ૧૦ જાન્યુઆરીએ વહેલી સવારે લગભગ ૩ વાગ્યે એક ઘરમાં આગ લાગવાની દુઃખદ ઘટના બની હતી. આ ભીષણ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોના ગૂંગળામણને કારણે મૃત્યુ થયા છે, જેમાં બે પુરુષ અને એક મહિલાનો સમાવેશ થાય છે.

ઘરમાં આગ લાગવાની જાણ થતાં જ પોલીસ અને ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ ઘરમાં સૂઈ રહેલા ત્રણ લોકોને બચાવી શકાયા ન હતા. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં ગૂંગળામણને કારણે એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા છે. મુંબઈ ફાયર બ્રિગેડ વિભાગને આગ લાગ્યાની જાણ સવારે ૩:૦૬ વાગ્યે મળી હતી. વિભાગ તરફથી જણાવવામાં આવ્યું કે ઘરમાં આગ ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પરના વીજળીના વાયરોમાં લાગી હતી, જે બાદ તે ઘરમાં રાખેલા અન્ય સામાન સુધી ફેલાઈ ગઈ હતી. ઘરમાં હાજર ત્રણેય લોકોને ટ્રોમા કેર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. એક અધિકારીએ જણાવ્યું કે મૃતકોની ઓળખ હર્ષદા પાવસ્કર (૧૯), કુશલ પાવસ્કર (૧૨) અને સંજોગ પાવસ્કર (૪૮) તરીકે થઈ છે.

### વરિષ્ઠ નેતા કેસી ત્યાગીનો પાર્ટીમાં અધ્યાય હવે સમાપ્ત

## નીતિશ કુમાર માટે ભારત રત્નની માગ કરનારા દિગ્ગજ નેતાને જેડીયુમાંથી તગેડી મૂકાયા

### પાર્ટીના પ્રવક્તા રાજીવ રંજનના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે જેડીયુનો હવે ત્યાગી સાથે કોઈ સંબંધ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૧૦**

જેડીયુના સૂત્રોના જણાવ્યા અનુસાર, વરિષ્ઠ નેતા કેસી ત્યાગીનો પાર્ટીમાં અધ્યાય હવે સમાપ્ત થઈ ગયો છે. પાર્ટીના પ્રવક્તા રાજીવ રંજનના તાજેતરના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે જેડીયુનો હવે કે.સી. ત્યાગી સાથે કોઈ સંબંધ નથી. સૂત્રોનું માનીએ તો, પાર્ટીમાંથી તેમની વિદાય થઈ ચૂકી છે.



જોકે, તેમના જૂના સંબંધોને ધ્યાનમાં રાખીને હાલમાં કોઈ ઔપચારિક કાર્યવાહી કરવામાં આવશે નહીં. રાજીવ રંજને કહ્યું હતું કે ભારત રત્નને લઈને ત્યાગીનું નિવેદન તેમનો અંગત અભિપ્રાય છે અને પાર્ટીને તેની સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે એ પણ ઉમેર્યું કે, "ત્યાગીનો જેડીયુના મામલાઓ સાથે હવે વધુ સંબંધ નથી. તેઓ પાર્ટીમાં છે પણ કે નહીં, તે કાર્યકર્તાઓને પણ ખબર નથી."

આ સમગ્ર વિવાદ ત્યારે શરુ થયો જ્યારે કેસી ત્યાગીએ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર માટે ભારત રત્નની માંગ કરી હતી. રાજકીય વર્તુળોમાં આ પગલાને "ડેમેજ કંટ્રોલ" તરીકે જોવામાં આવી રહ્યું હતું, કારણ કે તાજેતરમાં ત્યાગી ઘણા વિવાદોમાં રહ્યા હતા અને તેમના નિવેદનોથી પાર્ટી નારાજ હતી. હવે, પાર્ટી પ્રવક્તાના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું છે કે પાર્ટીએ ત્યાગીથી દૂરી બનાવી લીધી છે.

ઉલ્લેખનીય છે કે જનતા દળ (યુનાઈટેડ) ના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એક મહત્ત્વપૂર્ણ પત્ર લખીને બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન આપવાની માંગ કરી હતી. ત્યાગીએ પોતાના પત્રમાં નીતીશ કુમારને સમાજવાદી આંદોલનના અનમોલ રત્ન ગણાવતા ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ આ સન્માન માટે સંપૂર્ણ રીતે લાયક છે.

તેમણે ભૂતકાળમાં ચૌધરી ચરણ સિંહ અને કપૂરી ઠાકુરને ભારત રત્નથી સન્માનિત કરવા બદલ વડાપ્રધાનના પ્રયાસોની પ્રશંસા કરતાં ઉમેર્યું હતું કે જે રીતે અન્ય નાયકોને જીવિત હોવા છતાં આ સન્માન મળ્યું છે, તેવી જ રીતે કરોડો લોકોની લાગણીને માન આપીને નીતીશ કુમારને પણ આ ગૌરવશાળી એવૉર્ડ એનાયત કરવામાં આવે.

## અમેરિકાનું ભારતને ખાસ આમંત્રણ

# રેર અર્થના ખેલમાં ચીનને મોટો ઝટકો આપવાની તૈયારી!



**અમેરિકા આ નિર્ભરતા ખતમ કરીને ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા વિશ્વાસપાત્ર દેશો સાથે મજબૂત ભાગીદારી કરવા માંગે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૦**

વોશિંગ્ટનમાં મળનારી G7 નાણામંત્રીઓની બેઠક માટે અમેરિકાએ ભારત અને ઓસ્ટ્રેલિયાને વિશેષ નિમંત્રણ પાઠવતા રાજકીય ચર્ચાઓ તેજ બની છે. આ વ્યૂહાત્મક પગલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ચીન પરની નિર્ભરતા ઘટાડીને સ્માર્ટફોન અને ફાઈટર જેટ જેવા સંરક્ષણ સાધનોમાં વપરાતા રેર અર્થ ખનીજોના પુરવઠાને સુરક્ષિત કરવાનો છે.

અમેરિકન નાણામંત્રી (ટ્રેઝરી સેક્રેટરી) સ્કોટ બેસેન્ટે પુષ્ટિ કરી છે કે સોમવારે યોજાનારી આ બેઠકનો મુખ્ય હેતુ દુનિયાભરમાં મહત્ત્વના ખનીજોની સપ્લાય ચેઈનને સુરક્ષિત કરવાનો છે. અત્યાર સુધી પશ્ચિમી દેશો આ ખનીજો માટે ચીન પર નિર્ભર રહ્યા છે, પરંતુ હવે તેઓ આ નિર્ભરતા ખતમ કરીને ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા વિશ્વાસપાત્ર દેશો સાથે મજબૂત ભાગીદારી કરવા માંગે છે.

આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી (IEA)ના આંકડાઓ મુજબ, આધુનિક ઉદ્યોગો માટે અનિવાર્ય એવા કોપર, લિથિયમ, કોબાલ્ટ અને ગ્રેફાઈટ જેવા મહત્ત્વપૂર્ણ ખનીજોના રિફાઈનિંગ ક્ષેત્રે ચીનનો દબદબો ૪૭%થી લઈને ૮૭% જેટલો વિશાળ છે. આ એકહથ્થુ વર્ચસ્વ વિશ્વભરના દેશો માટે ચિંતાનો વિષય બન્યું છે, કારણ કે ચીન આ મજબૂત સ્થિતિનો ઉપયોગ ભૂ-રાજકીય હથિયાર તરીકે કરી શકે છે.

તાજેતરમાં ચીને જાપાનને રેર અર્થ ખનીજોની નિકાસ પર મૂકેલા પ્રતિબંધો આ ભયને વધુ સ્પષ્ટ કરે છે. જો ભવિષ્યમાં ચીન આ સપ્લાય ચેઈન અટકાવી દે, તો સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રિક વ્હીકલની બેટરી અને અત્યાધુનિક સંરક્ષણ ઉપકરણો જેવા ચાવીરૂપ ક્ષેત્રોમાં વૈશ્વિક સ્તરે મોટું સંકટ ઉભું થઈ શકે છે અને ઉત્પાદન પ્રક્રિયા સંપૂર્ણપણે ઠપ્પ થઈ શકે છે.

અમેરિકન નાણામંત્રીએ એ સ્પષ્ટ કર્યું કે, ભારતને આ બેઠક માટે ખાસ આમંત્રણ અપાયું છે. જોકે, ભારતે આ નિમંત્રણ સ્વીકાર્યું છે કે નહીં તેની સત્તાવાર પુષ્ટિ હજુ બાકી છે. ભારત પાસે વિશાળ બજાર અને વધતી જતી ટેકનોલોજીકલ ક્ષમતા છે, જે G7(અમેરિકા, બ્રિટન, જાપાન, ફ્રાન્સ, જર્મની, ઈટાલી અને કેનેડા) દેશો માટે ચીનના વિકલ્પ તરીકે ઉભરી શકે છે.

ચીનના પ્રભુત્વને ઘટાડવા માટે ઓસ્ટ્રેલિયાએ પહેલેથી જ અમેરિકા સાથે ૮.૫ અબજ ડોલરનો કરાર કર્યો છે. ઓસ્ટ્રેલિયા રેર અર્થ અને લિથિયમ જેવા ખનીજોનો વ્યૂહાત્મક રિઝર્વ(જથ્થો) તૈયાર કરી રહ્યું છે. હવે યુરોપ, દક્ષિણ કોરિયા અને સિંગાપોર જેવા દેશોએ પણ આ પહેલમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

વોશિંગ્ટનમાં યોજાનારી આ આમને-સામનેની ચર્ચા માત્ર આર્થિક બેઠક નથી, પરંતુ ચીન સામેનું એક આર્થિક યુદ્ધ છે. જો ભારત આ જૂથમાં જોડાય છે, તો તે આવનારા દાયકાઓમાં વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ અને સંરક્ષણ ક્ષેત્રે એક મોટી શક્તિ બનીને ઉભરશે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા કરી દેવાઈ

**જોય મહાપાત્રો નામના એક હિન્દુ યુવકને પહેલાં ઢોર માર મારવામાં આવ્યો અને પછી તેને ઝેર આપવામાં આવ્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઢાકા, તા.૧૦**

બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા કરી દેવામાં આવી છે. જોય મહાપાત્રો નામના એક હિન્દુ યુવકને પહેલાં ઢોર માર મારવામાં આવ્યો અને પછી તેને ઝેર આપવામાં આવ્યું. બાંગ્લાદેશમાં હિંસક વિરોધ પ્રદર્શનોની વચ્ચે હિન્દુઓ પરના હુમલા અટકવાનું નામ જ નથી લઈ રહ્યા. છેલ્લા ૧૮ દિવસમાં બાંગ્લાદેશમાં ૭ હિન્દુ પુરુષોની હત્યા થઈ ચૂકી છે.

૮ જાન્યુઆરીએ સુનામગંજ જિલ્લાના દિરાઈ ઉપજિલાના ભંગડોહર ગામમાં જોય મહાપાત્રો નામના વધુ એક હિન્દુ યુવાનની હત્યા કરી દેવામાં આવી. પરિવારના જણાવ્યા અનુસાર, જોયને પહેલાં માર મારવામાં આવ્યો અને પછી અમીરુલ ઈસ્લામ નામના વ્યક્તિએ તેને ઝેર આપ્યું. ત્યારબાદ સિલહેટ એમએજી ઉસ્માની મેડિકલ કોલેજ હોસ્પિટલના આઈસીયુમાં તેનું મોત થયું. પોતાના દીકરાની આવી હાલત જોઈ પરિવારમાં માતમ છવાયો છે. જોયની ફેમિલીએ અમીરુલ ઈસ્લામ નામના શખ્સ પર આરોપ લગાવ્યો છે. તેમનું કહેવું છે કે અમીરુલે પહેલા જોય સાથે ગંભીર રીતે મારપીટ કરી અને પછી તેને ઝેર આપી દીધું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલએ કહ્યું કે, "અમે બાંગ્લાદેશમાં લઘુમતીઓ તેમજ તેમના ઘરો અને વ્યવસાયો પર ઉગ્રવાદીઓ દ્વારા વારંવાર કરવામાં આવતા હુમલાઓના ચિંતાજનક સિલસિલાને જોઈ રહ્યા છીએ. આવી સાંપ્રદાયિક ઘટનાઓ સાથે તાત્કાલિક અને સખ્તાઈથી નિપટવું જરૂરી છે. અમે આવી ઘટનાઓને વ્યક્તિગત દુશ્મની, રાજકીય મતભેદો કે બાહ્ય કારણો સાથે જોડવાની એક ચિંતાજનક પ્રવૃત્તિ જોઈ છે. આવી અવગણનાથી ગુનેગારોની હિંમત વધે છે અને લઘુમતીઓમાં ભય તથા અસુરક્ષાની લાગણી વધુ ગાઢ બને છે." બાંગ્લાદેશ હિન્દુ બૌદ્ધ ઈસાઈ ઐક્ય પરિષદ (ભીએચબીસીયુસી)એ ગયા મહિને જ સાંપ્રદાયિક હિંસાની ૫૧ ઘટનાઓ નોંધી હતી. આમાં ૧૦ હત્યાઓ, ચોરી અને લૂંટના ૧૦ કેસ, ઘરો, વ્યાપારિક સ્થાપનાઓ, મંદિરો પર કબજો કરવા, લૂંટફાટ અને આગચંપી સાથે સંબંધિત ૨૩ ઘટનાઓ સામેલ છે. આ ઉપરાંત જાન્યુઆરીમાં અત્યાર સુધીમાં ૪ હિન્દુઓની હત્યા થઈ ચૂકી છે, જેથી ડિસેમ્બરથી અત્યાર સુધીમાં મૃત્યુ પામેલાઓની કુલ સંખ્યા વધીને ૧૪ થઈ ગઈ છે.

# મને હજુ પણ વિશ્વાસ નથી થઈ રહ્યો... ટ્રમ્પની ગ્રીનલેન્ડ પચાવી પાડવાની તૈયારી પર મેલોનીનું નિવેદન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈટાલી, તા.૧૦:** અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ખનિજ સમૃદ્ધ ટાપુ ગ્રીનલેન્ડને કોઈપણ કિંમતે અમેરિકામાં ભેળવવા માટે મક્કમ છે. ટ્રમ્પની આ આક્રમક નીતિ પર તેમના નજીકના સાથી ગણાતા ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ મહત્ત્વની પ્રતિક્રિયા આપી છે. મેલોનીએ સ્પષ્ટ કર્યું છે કે ગ્રીનલેન્ડ મુદ્દે કોઈપણ પ્રકારની લશ્કરી કાર્યવાહી નાટો (NATO) ના ભવિષ્ય માટે ગંભીર પરિણામો લાવી શકે છે.

એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જ્યોર્જિયા મેલોનીએ ટ્રમ્પ વહીવટીતંત્રની વ્યૂહનીતિ અંગે આશ્ચર્ય અને ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, ગ્રીનલેન્ડમાં સૈન્ય બળનો ઉપયોગ કોઈના હિતમાં નથી. મને હજુ પણ વિશ્વાસ નથી થતો કે અમેરિકા નિયંત્રણ મેળવવા લશ્કરી પગલાં લેશે. ઈટાલી આવા કોઈ પણ પગલાનું સમર્થન કરશે નહીં.



ઈટાલીના PMએ સ્વીકાર્યું કે આર્કટિક ક્ષેત્રમાં અન્ય વિદેશી શક્તિઓની સક્રિયતાને કારણે અમેરિકા પોતાની સુરક્ષા માટે આક્રમક અભિગમ અપનાવી રહ્યું છે.

તેમણે ભાર મૂક્યો હતો કે આ પ્રદેશમાં નાટોની મજબૂત હાજરી જ અમેરિકાની વિરોધી દળો સામેની ચિંતાઓ દૂર કરી શકે છે. નોંધનીય છે કે, જ્યોર્જિયા મેલોની, જેઓ ટ્રમ્પ અને યુરોપિયન યુનિયન વચ્ચે મધ્યસ્થી તરીકે ઓળખાય છે, તેમના આ નિવેદનથી અમેરિકા અને યુરોપ વચ્ચેના સંબંધોમાં તણાવ વધવાની શક્યતા દેખાઈ રહી છે.

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે યુરોપિયન દેશો સંમત થાય કે ન થાય, અમેરિકા ગ્રીનલેન્ડ હસ્તગત કરશે. ટ્રમ્પ માને છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર કબજો નહીં કરે, તો રશિયા કે ચીન ત્યાં પોતાનો પ્રભાવ વધારી શકે છે. અમેરિકા તેના પડોશમાં આ બે શક્તિઓને સહન કરવા માંગતું નથી. આ ઉપરાંત ગ્રીનલેન્ડ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ હોવાની સાથે અત્યંત ખનિજ સમૃદ્ધ ટાપુ છે.

# અમે ગ્રીનલેન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું: ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૦:** ગ્રીનલૅન્ડના મુદ્દે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરના નિવેદને વૈશ્વિક સ્તરે ભારે ચર્ચા જગાવી છે. ટ્રમ્પે મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે તેઓ હવે આ મામલે સહેજ પણ પીછેહઠ કરવા તૈયાર નથી. તેમની આ ચેતવણી સ્પષ્ટ સંકેત આપે છે કે ગ્રીનલૅન્ડ પર નિયંત્રણ મેળવવા માટે અમેરિકા કોઈપણ માર્ગ અપનાવી શકે છે-પછી ભલે તે સમજાવટનો હોય કે બળજબરીનો.

યુરોપીય દેશોને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, અમે ગ્રીનલૅન્ડના મુદ્દે ચોક્કસપણે પગલાં ભરીશું, પછી ભલે અન્ય દેશોને તે ગમે કે ન ગમે. ટ્રમ્પના મતે, જો અમેરિકા ગ્રીનલૅન્ડ પર નિયંત્રણ નહીં મેળવે, તો રશિયા અથવા ચીન તેના પર કબજો કરી લેશે. અમેરિકા કોઈપણ સંજોગોમાં આ ગ્રીનલૅન્ડને રશિયા કે ચીનના હાથમાં જવા દેવા માંગતું નથી. વ્હાઈટહાઉસમાં બેઠક દરમિયાન ટ્રમ્પે કહ્યું, હું ગ્રીનલૅન્ડ અંગે સમજૂતી દ્વારા સરળ રસ્તો અપનાવવા માંગુ છું. પરંતુ જો તેમ નહીં થાય, તો અમે મુશ્કેલ રસ્તો અપનાવતા પણ અચકાઈશું નહીં. જ્યારે કોઈ વસ્તુ અમારી સુરક્ષા માટે જરુરી હોય, ત્યારે અમે તેની રક્ષા કરીએ છીએ. ટ્રમ્પના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ડેનમાર્ક કે ગ્રીનલૅન્ડના લોકોની સહમતિ હોય કે ન હોય, અમેરિકા ત્યાં પોતાનું વર્ચસ્વ સ્થાપવા મક્કમ છે. અમેરિકા માટે ગ્રીનલૅન્ડનું મહત્ત્વ માત્ર એક ભૌગોલિક ટાપુ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વ્યૂહાત્મક અને આર્થિક દૃષ્ટિએ અત્યંત નિર્ણાયક છે. આર્કટિક ક્ષેત્રમાં સ્થિત ગ્રીનલૅન્ડ ખનીજ સંપત્તિનો અખૂટ ભંડાર ધરાવે છે, જેમાં સોનું, હીરા અને ખાસ કરીને આધુનિક ટૅક્નોલૉજી માટે અનિવાર્ય એવા રેર અર્થ મેટલ્સનો સમાવેશ થાય છે. આ સંસાધનો પર નિયંત્રણ મેળવવું એ અમેરિકાના આર્થિક ભવિષ્ય માટે મહત્ત્વનું છે. તેમજ આર્કટિકમાં રશિયા અને ચીનની સતત વધી રહેલી સૈન્ય ગતિવિધિઓ અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે પડકારરુપ બની રહી છે. ઉત્તર અમેરિકાની રક્ષા માટે ગ્રીનલૅન્ડ એક અભેદ્ય કિલ્લા સમાન વ્યૂહાત્મક સ્થાન ધરાવે છે, જેના પર નિયંત્રણ હોવું અમેરિકા માટે અનિવાર્ય છે જેથી તે આ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત રાખી શકે અને પ્રતિસ્પર્ધી દેશોના પ્રભાવને રોકી શકે.




## આ એક ફેમિલી કોમેડી-ડ્રામા ફિલ્મ હશે

# અનીસ બઝમી દિગ્દર્શિત ફિલ્મમાં અક્ષય ત્રણ હિરોઈન સાથે કામ કરશે



(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૦:** અનીસ બઝમી દિગ્દર્શિત ફિલ્મમાં અક્ષય ત્રણ હિરોઈન સાથે કામ કરશેબોલિવૂડના 'ખિલાડી', અક્ષય કુમારને ૧૫ વર્ષ પછી કોમેડી ફિલ્મ 'ખિલાડી' સાથે જોડાણ મળ્યું છે. આ અભિનેતા પાસે પહેલેથી જ ઘણી ફિલ્મો છે. આ વર્ષે તેમની ત્રણ ફિલ્મો રિલીઝ થશે. આ યાદીમાં 'ભૂત બાંગ્લા', 'હૈવાન' અને 'વેલકમ ટુ ધ જંગલ'નો સમાવેશ થાય છે. પરંતુ આજે, અમે તમને અક્ષય કુમારની આગામી મોટી ફિલ્મ વિશે જણાવીશું, જેમાં તે ત્રણ હિરોઈનોની સામે જોવા મળશે. ૨૦૨૫નું વર્ષ અક્ષય કુમાર માટે સારું રહ્યું, તેની ચાર ફિલ્મો રિલીઝ થઈ. 'સ્કાયફોર્સ', 'હાઉસફુલ ૫', 'જોલી એલએલબી ૩' અને 'કેસરી ચેપ્ટર ૨' માટે તેમને ખૂબ પ્રશંસા મળી. આમાંથી કોઈ પણ ફિલ્મ ફ્લોપ રહી ન હતી, કે કોઈ પણ સારી કમાણી કરી ન હતી, જેની અક્ષય કુમાર રાહ જોઈ રહ્યા હતા. જોકે, હાલમાં તેઓ એક મોટી ફિલ્મ માટે સમાચારમાં છે જેમાં તેમણે કોમેડી લેજેન્ડ ખિલાડી સાથે કામ કર્યું છે. અહેવાલો બહાર આવ્યા છે કે ફિલ્મમાં હવે ત્રણ હિરોઈન છે.જો ત્રણેય ફિલ્મોને સારો પ્રતિસાદ મળે તો ૨૦૨૬ અક્ષય કુમાર માટે એક શાનદાર વર્ષ સાબિત થઈ શકે છે. તે પ્રિયદર્શન સાથે બે ફિલ્મો પર કામ કરી રહ્યો છે: "હૈવાન" અને "ભૂત બાંગ્લા". અભિનેતા હાલમાં "વેલકમ ટુ ધ જંગલ" પર કામ કરી રહ્યો છે, જે મૂળ રૂપે ૨૦૨૫ માં રિલીઝ થવાની હતી. જોકે, બાકી રહેલા કામને કારણે, ફિલ્મ ૨૦૨૬ માં આગળ ધપાવવામાં આવી છે, અને શૂટિંગ હજુ પૂર્ણ થયું નથી. જોકે, તે આ વર્ષે રિલીઝ થશે.તાજેતરમાં, એક ન્યૂઝ વેબસાઈટે અહેવાલ આપ્યો હતો કે અક્ષય કુમારની આગામી ફિલ્મમાં રાશિ ખન્નાને કાસ્ટ કરવામાં આવી છે. આ અનીસ બઝમી દ્વારા દિગ્દર્શિત એક ફેમિલી કોમેડી-ડ્રામા ફિલ્મ હશે. લગભગ ૧૫ વર્ષના ગાળા પછી અક્ષય અને દિગ્દર્શક વચ્ચે આ ચોથી સહયોગ છે.નિર્માતાઓ મહિલા મુખ્ય ભૂમિકા માટે યોગ્ય અભિનેત્રી શોધી રહ્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે રાશિ ખન્નાને આ ભૂમિકા માટે ફાઈનલ કરવામાં આવી છે. '૧૨૦ બહાદુર' અને 'ધ સાબરમતી રિપોર્ટ' જેવા તાજેતરના પ્રોજેક્ટ્સમાં તેણીએ શાનદાર અભિનય આપ્યો છે. પાછલી ફિલ્મોમાં અભિનેત્રીનું કામ સૂચવે છે કે તેણી પાસે મજબૂત વિષયવસ્તુ સાથે ભૂમિકાઓનું સંતુલન કરવાની ક્ષમતા છે.અહેવાલો અનુસાર, તેણીએ અક્ષય કુમારની ફિલ્મ માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. જો કે, ફિલ્મ માટે ઘણા મોટા કાસ્ટિંગ નિર્ણયો પહેલાથી જ લેવામાં આવ્યા છે. વિદ્યા બાલનનું નામ પણ આ પ્રોજેક્ટમાં સામેલ છે. પરંતુ નિર્માતાઓને આશા છે કે અભિનેત્રીની હાસ્ય પ્રતિભાનો ફિલ્મમાં યોગ્ય રીતે ઉપયોગ કરવામાં આવશે.તાજેતરમાં, એવું અહેવાલ આવ્યું હતું કે વિદ્યા બાલન પછી દિશા પટણી ફિલ્મમાં જોડાઈ છે. તે છેલ્લે પ્રભાસની "કલ્કી ૨૮૯૮એડી" માં જોવા મળી હતી. અભિનેત્રીએ ત્યાં ખૂબ સારું કામ કર્યું હતું. જોકે, તેણી પાસે પહેલાથી જ ઘણી મોટી ફિલ્મો છે. હવે, એવું લાગે છે કે તેની પાઈપલાઈનમાં બીજી ફિલ્મ ઉમેરવામાં આવી છે.

# યામી ગૌતમ આનંદ એલ રાયની હોરર કોમેડીમાં લીડ રોલ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૦:** યામી ગૌતમ અત્યાર સુધી સરકારી અધિકારી કે વકીલ પ્રકારના પાવરફુલ રોલમાં જોવા મળી છે, હવે તે આનંદ એલ રાયની હોરર કોમેડી ફિલ્મમાં લીડ રોલ કરવાની છે. આ ફિલ્મનું નામ નયી નવેલી હોવાની ચર્ચા છે. ઈન્ડસ્ટ્રીના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ ફિલ્મ હાલ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે, જેમાં યામી પહેલી વખત આનંદ એલ.રાય સાથે કામ કરશે. જોકે, આ ફિલ્મ કે યામીના રોલ વિશે કોઈ કન્ફર્મેશન આવ્યું નથી.અહેવાલો અનુસાર આનંદ એલ.રાયની આ ફિલ્મનું નામ નયી નવેલી રાખવામાં આવ્યું છે. જે આનંદ રાયના કલર યલો પ્રોડક્શન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. આ ફિલ્મ ભારતીય લોકવાર્તા પર આધારીત છે અને ફેબ્રુઆરીથી તેનું શૂટ શરૂ થાય એવી શક્યતા છે. તાજેતરમાં જ આનંદ એલ.રાયની તેરે ઈશ્ક મેં આવી છે, જેમાં ક્રિતિ સેનન અને ધનુષ લીડ રોલમાં હતા. આ ફિલ્મ ૨૮ નવેમ્બરે રિલીઝ થઈ હતી અને હિટ રહી હતી. જ્યારે તાજેતરમાં જ યામી ગૌતમની હક આવી હતી. જે હવે ઓટીટી પર આવી ગઈ છે અને ઓઓટીટી પર તેને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ ચાલી નહોતી, ૪૦ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મે માંડ ૩૦ કરોડની કમાણી કરી હતી. પરંતુ ઓટીટી પર તેને સારો પ્રતિસાદ મળ્યો છે. જેના માટે યામી ગૌતમે દર્શકોનો આભાર પણ માન્યો છે. ત્યારે હવે આનંદ એલ.રાયની જોડી અને યામીની જોડી કેવી કમાલ કરે છે તે જોવાનું છે.



# એપી ધિલ્લોન કોન્સર્ટ વિવાદ પછી તારા અને વીરનું બ્રેકઅપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૦:** તારા સુતારિયા અને વીર પહારિયા તેમના સંબંધોને કારણે સમાચારમાં છે. આ કપલ છેલ્લા એક વર્ષથી ડેટિંગ કરી રહ્યું હતું. અહેવાલો સૂચવે છે કે તેઓ હવે અલગ થઈ ગયા છે. તારા સુતારિયા અને વીર પહાડિયા લોકોના મનપસંદ કપલ્સમાંથી એક છે. તેઓ ઘણીવાર સાથે જોવા મળે છે અને એકબીજા સાથે રોમેન્ટિક પોસ્ટ શેર કરવાની તક ક્યારેય ચૂકતા નથી. ચાહકો તેમની રોમેન્ટિક શૈલીને ખૂબ પસંદ કરે છે, પરંતુ હવે, અહેવાલો અનુસાર, આ દંપતી અલગ થઈ ગયું છે. એપી ધિલ્લોન કોન્સર્ટ વિવાદ પછી થોડા દિવસો સુધી એકબીજાને જાહેર સમર્થન આપ્યા પછી, એવું લાગે છે કે તેઓએ તેમના સંબંધોનો અંત લાવી દીધો છે. અહેવાલ મુજબ, તારા અને વીર અલગ થઈ ગયા છે. જોકે, બ્રેકઅપનું સાચું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. બંનેમાંથી કોઈએ પણ સત્તાવાર રીતે બ્રેકઅપની જાહેરાત કરી નથી.અહેવાલો અનુસાર, એપી ધિલ્લોનના મુંબઈ કોન્સર્ટના થોડા અઠવાડિયા પછી બ્રેકઅપ થયું હતું, જ્યાં તારા સ્ટેજ પર દેખાઈ હતી અને ધિલ્લોન સાથેની તેની કેમિસ્ટ્રીની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. જો કે, ટૂંકસમયમાં સોશિયલ મીડિયા પર ઘણી ક્લિપ્સ સામે આવી હતી જેમાં વીર ભીડમાં ઉદાસ ઉભો હતો. આ વીડિયોએ ઘણો વિવાદ ઉભો કર્યો. બાદમાં, સોશિયલ મીડિયા પ્રભાવક ઓરીએ એક વિડિઓ શેર કર્યો જેમાં વીર તારા અને એપી ધિલ્લોન માટે ઉત્સાહિત જોવા મળ્યો હતો.વીડિયો વાયરલ થયા પછી, તારા સુતારિયાએ સોશિયલ મીડિયા પર અસંખ્ય પોસ્ટ શેર કરી, જેમાં દાવો કરવામાં આવ્યો કે તે એક પીઆર પ્રોજેક્ટ હતો. તેણીએ લાંબી પોસ્ટ શેર કરી, જેમાં જણાવ્યું કે આ બધું ચૂકવવામાં આવ્યું હતું.તારા અને વીર સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. તેઓ ઘણીવાર ઈવેન્ટ્સમાં સાથે જોવા મળે છે, અને વીર તેનું ખૂબ રક્ષણ કરતો જોવા મળે છે. તારા અને વીર તેમના ક્યૂટ સ્ટાઈલથી દરેક માટે કપલ ગોલ નક્કી કરે છે. પરંતુ હવે, કપલ અલગ થઈ ગયું છે. જોકે, બંનેએ અત્યાર સુધી બ્રેકઅપ પર મૌન જાળવી રાખ્યું છે.



# 'ધ રાજાસાબ' ફિલ્મના સ્ક્રીનિંગમાં ફેન્સે લગાવી આગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભૂવનેશ્વર, તા.૧૦:** બે વર્ષના બ્રેક બાદ પ્રભાસ ફરીથી ફિલ્મી પડદે જોવા મળ્યો છે. પ્રભાસની 'ધ રાજાસાબ' ફિલ્મ થિએટરમાં રિલીજ થઈ ચૂકી છે. પહેલા દિવસે આ ફિલ્મને પ્રભાસના ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ ઉત્સાહ એટલી હદે વધી ગયો હતો કે, ઓડિસાના એક થિયેટરમાં ફિલ્મના સ્ક્રીનિંગ દરમિયાન ફેન્સે આગ લગાવી દીધી હતી.ઓડિશાના અશોક થિએટરમાં પ્રભાસની 'ધ રાજાસાબ' ફિલ્મનું સ્ક્રીનિંગ ચાલી રહ્યું હતું. તે દરમિયાન ઓડિયન્સમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આવા સમયે કેટલાક ઉત્સાહી લોકો થિએટરના પડદા પાસે કન્ફેટી સળગાવી રહ્યા હતા. પડદા આગળ બીજા રંગીન કાગળનો ઢગલો હતો. જેને આગ પકડી હતી. પરંતુ થિએટરમાં હાજર લોકોએ મોડું કર્યા વગર આગને ઠારી દીધી હતી. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેના પર સોશિયલ મીડિયા યુઝર્સ પોતાની પ્રતિક્રિયા આપી રહ્યા છે.એક યુઝરે કોમેન્ટ કરીને લોકોની સિવિક સેન્સ પર સવાલ ઉઠાવતા લખ્યુ હતું કે, ઓ મુર્ખાઓ, તમે ફક્ત એના માટે ૨૦૦, ૫૦૦ અથવા ૧૦૦૦ રૂપિયાની ટિકિટ લીધી છે, તમને એવું લાગે છે કે, જ્યારે તમે થિએટર સળગાવી દેશો, ત્યારે અમે ઉભા થઈને જોતા રહીશું?



મુર્ખાઓ, તમારામાં સિવિક સેન્સ જેવું કશુ છે કે નહીં? હું પણ પ્રભાસનો ચાહક છું! પરંતુ આવી હલકી હરકતો શા માટે?બીજા એક યુઝરે પોતાનો આક્રોશ વ્યક્ત કરતા લખ્યું કે, "આ પ્રભાસના ફેન્સની મેચ્યોરિટી છે. હું ડાર્લિંગની વાત નથી કરી રહ્યો, હું ફેન્સની વાત કરી રહ્યો છું. તમારે આવું કરવું ન્હોતું જોઈતું. કૃપયા સમજદાર વડીલો જેવું વર્તન કરો. આ તમારું ઘર નથી, આ બહુ ખોટું છે. તમારું આ પ્રકારનું વર્તન પ્રભાસનું નામ ખરાબ કરી રહ્યું છે." ત્રીજા એક ફેન્સે લખ્યું કે, "આ બધા પર પ્રતિબંધ લાદવો જોઈએ. આ ભયાનક છે. જેનાથી જીવનું જોખમ છે."ઉલ્લેખનીય છે કે, 'ધ રાજાસાબ' ફિલ્મને દર્શકો તરફથી મિશ્ર પ્રતિભાવ મળી રહ્યો છે. આ ફિલ્મે 'ધુરંધર' ફિલ્મને પણ ફિક્કી પાડી દીધી છે. ફિલ્મી સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે 'ધ રાજાસાહબ' ફિલ્મે પહેલાં દિવસે ૧૫.૩૪ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે.

## રાજસ્થાનના જયપુરની ઘટના

# બેફામ કાર હંકારતા ચાલકે ૧૬ લોકોને કચડતાં અફરાતફરી



**પત્રકાર કોલોનીમાં થયેલા અકસ્માતમાં એકનું મોત**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**જયપુર, તા.૧૦**

રાજસ્થાનની રાજધાની જયપુરમાં શુક્રવારે રાત્રે એક હાઈ-સ્પીડ ઓડી કારન ચાલકે ભારે તબાહી મચાવી હતી. શહેરની પત્રકાર કોલોનીમાં થયેલા આ ભીષણ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ૧૬ અન્ય લોકો ઘાયલ થયા છે. દારૂના નશામાં ધૂત કારચાલકે અનેક લારી-ગલ્લા અને લોકોને અડફેટે લીધા હતા, જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ ઘટના શુક્રવારે રાત્રે ૯:૩૦ વાગ્યે જયપુરની પત્રકાર કોલોનીમાં બની હતી. એક તેજ રફતાર ઓડી કાર પહેલા ડિવાઈડર સાથે અથડાઈ અને પછી બેકાબૂ થઈને રસ્તાની બાજુમાં ઉભેલી લારીઓ પર કહેર બનીને ત્રાટકી. કાર લગભગ ૩૦ મીટર સુધી લારીઓ અને ગલ્લાઓને કચડતી ચાલી ગઈ. આ ટક્કર એટલી જોરદાર હતી કે ૧૨થી વધુ લારી-ગલ્લા પલટી ગયા હતા, જ્યારે રસ્તાની બાજુમાં ઉભેલી અન્ય એક કાર પણ પલટી ગઈ હતી.

આ ભીષણ અકસ્માતમાં ૧૬ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ મુહાના અને પત્રકાર કોલોની પોલીસ સ્ટેશનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક લોકોની મદદથી તમામ ઘાયલોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા એસએમએસ અને જયપુરિયા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ડેપ્યુટી સીએમ પ્રેમચંદ બૈરવાના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત થયું છે. ૧૨ ઘાયલોની સારવાર હાલમાં ચાલી રહી છે, જ્યારે ચાર લોકોને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા છે.

મુહાના પોલીસ સ્ટેશનના એસએચઓ ગુરુ ભૂપેન્દ્ર સિંહે જણાવ્યું કે પ્રાથમિક તપાસમાં ઓડી કારની ઝડપ અત્યંત તેજ હોવાનું જણાયું છે અને કાર ચાલક નશામાં હોવાની પણ આશંકા છે. આ કાર દમણ અને દીવના રજિસ્ટ્રેશન નંબરવાળી છે અને તેમાં ત્રણ લોકો સવાર હતા, જેમાંથી પોલીસે બેની અટકાયત કરી છે.

ઘટનાની ગંભીરતાને જોતા રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જયપુર શહેર અને હોસ્પિટલના અધિકારીઓને જરૂરી નિર્દેશ આપ્યા છે. નાયબ મુખ્યમંત્રી પ્રેમચંદ બૈરવા પોતે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. પોલીસે ઓડી કારને જપ્ત કરી લીધી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## ચીન-બાંગ્લાદેશ પર રહેશે નજર

# વિશ્વમાં ઉથલ પાથલ વચ્ચે બંગાળની ખાડીમાં દબદબો વધારશે ભારત

**ઈન્ડિયન નેવી બંગાળની ખાડીમાં નવો બેઝ તૈયાર કરવા જઈ રહી છે, જેનાથી ચીન અને બાંગ્લાદેશ માટે આફત ઉભી થઈ છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

છેલ્લા કેટલાક વર્ષથી ભારતને તેના પાડોશીઓ સાથે સંબંધ ઘટ્યાં છે. જેમાં પાકિસ્તાન સાથે તો તણાવ વર્ષો જૂનો છે. જ્યારે ચીન અને બાંગ્લાદેશ જેવા દેશમાં પણ સંબંધ વધુ ખરાબ થઈ રહ્યા છે. તેવામાં કોઈપણ ખરાબ પરિસ્થિતિનો સામનો કરવા માટે ભારતીય સેના અને નૌસેના પૂરી રીતે તૈયાર રહે છે. આમ, વિશ્વમાં ભારે ઉથલપાથલ વચ્ચે બંગાળની ખાડીમાં ભારત દબદબો વધારશે. જેમાં ઈન્ડિયન નેવી બંગાળના હલ્દિયામાં બંગાળની ખાડીમાં નવો બેઝ તૈયાર કરવા જઈ રહી છે, જેનાથી ચીન અને બાંગ્લાદેશ માટે આફત ઉભી થઈ છે. ત્યારે ચીન-બાંગ્લાદેશની તેના પર નજર રહેશે.

બંગાળની ખાડીમાં તૈયાર થનારા નેવી બેઝ પર યુદ્ધ જહાજો તૈનાત કરવામાં આવશે. આ બેઝ દ્વારા ભારત કોઈપણ સમયે ચીન અને બાંગ્લાદેશની હરકતોનો ઝડબાતોડ જવાબ આપી શકશે. આનાથી નૌસેનાની તાકાતમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે. મળતી માહિતી મુજબે, હલ્દિયા ડૉક કોમ્પ્લેક્સનો ઉપયોગ શરૂઆતમાં નેવી બેઝ તરીકે કરવામાં આવશે. ફાસ્ટ ઈન્ટરસેપ્ટર ક્રાફ્ટ અને નવા ૩૦૦-ટન વોટર જેટ ફાસ્ટ એટેક ક્રાફ્ટને અહીં તૈનાત કરવામાં આવશે. આ હાઈ-સ્પીડ એટેક ક્રાફ્ટ છે, જે પ્રતિ કલાક ૪૦-૪૫ કલાક પ્રતિ નોટિકલ માઈલની ઝડપે દોડવા સક્ષમ છે. તેનો ઉપયોગ દુશ્મન દળો દ્વારા અચાનક દરિયાઈ પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે થઈ શકે છે.

આ બેઝ પર ઈન્ડિયન નેવી ઉચ્ચ અધિકારીઓને તૈનાત કરશે. જેમાં નાવિક સહિત ૧૦૦ અધિકારી તૈનાત કરાશે, પરંતુ આના પર તમામ સુવિધા મોર્ડન થશે. જે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાથી લગભગ ૧૦૦ કિલોમીટરના અંતરે બનાવવામાં આવશે. હાલના ધોરણે દેશભરમાં અનેક જગ્યાએ ઈન્ડિયન નેવીના બેઝ છે. જેમાં મુખ્ય બેઝ મુંબઈ, ગોવા, કારવાર, કોચ્ચિ, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ, કોલેકાતા અને પોર્ટ બ્લેયરમાં છે.

ભારત સાથે બગડતા સંબંધો વચ્ચે, ચીન અને બાંગ્લાદેશ નજીક આવી રહ્યા છે. ચીને બાંગ્લાદેશ નૌસેનાને બે સબમરીન પણ આપી છે અને ચટગામ નજીક એક બેઝ બનાવી રહ્યું છે. આ સબમરીનનું નામ પહેલા મ્દ્રજી શેખ હસીના હતું, પરંતુ હવે તેનું નામ બદલી નાખ્યું છે. બંગાળના હલ્દિયામાં આ નવું બેઝ ચીન અને બાંગ્લાદેશ સામે ભારતની દરિયાઈ દેખરેખ અને દરિયાકાંઠાની સુરક્ષા ક્ષમતાઓમાં વધારો કરશે.

# સુરત શહેરમાં 24X7 Club નામે MLM ઠગાઈનો પર્દાફાશ થયો, ત્રણ ગણું વળતર આપવાની લાલચે કરી કરોડોની ઠગાઈ

**લોભામણી લાલચ આપીને સામાન્ય નાગરિકો પાસેથી ગેરકાયદેસર રીતે રોકાણ સ્વીકારવામાં આવતું હોવાનો મોટો ખુલાસો થયો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત,તા.૧૦**

સુરત શહેરમાં વધતી જતી ઓનલાઈન અને MLM આધારિત નાણાકીય ઠગાઈ સામે સુરત સાયબર ક્રાઈમ સેલે વધુ એક મહત્વની કાર્યવાહી કરી છે. 24X7 Club નામની કંપનીમાં રોકાણ કરવાથી મહિને ૧૦ ટકા રીટર્ન તથા રોકાણની રકમ ત્રણગણી કરી આપવાની લોભામણી લાલચ આપીને સામાન્ય નાગરિકો પાસેથી ગેરકાયદેસર રીતે રોકાણ સ્વીકારવામાં આવતું હોવાનો મોટો ખુલાસો થયો છે.

ખાનગી બાતમીના આધારે સુરત સાયબર ક્રાઈમ સેલને માહિતી મળી હતી કે KBC બિલ્ડીંગ, કિરણ ચોક અને ઓપેરા બિઝનેસ હબ, મોટા વરાછા ખાતે 24X7 Club નામની કંપનીના નામે અનેક ઈસમો RBI કે SEBIની મંજૂરી વિના ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ ચલાવી રહ્યા હતા. આ બાતમીના આધારે સાયબર ક્રાઈમ સેલે બંને સ્થળોએ રેડ કરી તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન સામે આવ્યું કે આરોપીઓ દ્વારા લોકોને સોશિયલ મીડિયા તથા મોઢે-મોઢે સંપર્ક કરીને, રોકાણની રકમ ત્રણ ગણી કરી આપવાની ખાતરી આપીને લોકો પાસેથી પૈસા ઉઘરાવવામાં આવતા હતા. જ્યારે આ પ્રકારની રોકાણ પ્રવૃત્તિ માટે તેમની પાસે RBI કે SEBIનું કોઈપણ પ્રકારનું લાયસન્સ ન હતું.


ઝડપાયેલા આરોપીઓમાં (૧) દિપકભાઈ ભુપતભાઈ ડોબરીયા (ઉંમર ૪૦) અને (૨) શૈલેષ નટુભાઈ ધામેલિયા (ઉંમર ૩૭)નો સમાવેશ થાય છે. દિપક ડોબરીયા મુખ્ય આરોપીઓ સાથે મળી લોકોને 24X7 Clubમાં રોકાણ માટે લલચાવતો હતો અને 24x7club.com વેબસાઈટ પર ૩૦૦૦થી વધુ અને શૈલેષ ધામેલિયા ૧૫૦૦થી વધુ ID બનાવી રોકાણકારોથી મેળવેલી રકમ મુખ્ય આરોપીઓને મોકલતો હતો. શૈલેષ ધામેલિયા દિપક ડોબરીયાના નેટવર્ક હેઠળ કાર્યરત હતો.

પોલીસે આરોપીઓ પાસેથી ૧,૪૭,૦૦૦/-ના મુદ્દામાલ સહિત, ૩ મોબાઈલ ફોન, ૧ લેપટોપ, ૧૦ અલગ અલગ ડાયરી અને દસ્તાવેજી કાગળો કબજે કર્યા છે. આ સાથે સુરત સાયબર ક્રાઈમ સેલ દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે: ઉંચા અને ખાતરીવાળા રીટર્નની લાલચમાં આવી કોઈપણ સ્કીમમાં રોકાણ ન કરવું, કંપની વિષે સંપૂર્ણ રિસર્ચ કર્યા બાદ જ રોકાણ કરવું અને સોશિયલ મીડિયા અથવા મોઢે-મોઢે મળતી રોકાણની લાલચથી સાવચેત રહેવું.

## બંને દેશોના સંબંધો અંગે આપ્યું મોટું નિવેદન

# ટેરિફની ધમકીઓ વચ્ચે ટ્રમ્પના રાઈટ હેન્ડની ભારતમાં એન્ટ્રી!

**અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના ખૂબ નજીકના ગણાતા સર્જિયો ગોર રાજદૂત તરીકે પોતાના કાર્યકાળનો આરંભ કરશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૦**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખૂબ નજીકના ગણાતા સર્જિયો ગોર ભારત આવી ગયા છે. તેઓ અમેરિકાના રાજદૂત તરીકે પોતાના કાર્યકાળનો આરંભ કરશે. ટેરિફ અને ટ્રમ્પના એક બાદ એક નિવેદનોના કારને ભારત અને અમેરિકાના સંબંધો ખરાબ થઈ રહ્યા છે. એવા સમયે સર્જિયો ગોર માટે ભારતમાં અનેક પડકારો રહેશે. ભારત આવ્યા બાદ તેમને સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે મને ભારત આવીને ખૂબ સારું લાગી રહ્યું છે. બંને દેશોનું ભવિષ્ય ઉજ્વળ છે.

૩૮ વર્ષના સર્જિયો ગોરને ટ્રમ્પે ગત ઓગસ્ટ મહિનામાં ભારતના રાજદૂત તરીકે જાહેર કર્યા હતા. ગોર અને ટ્રમ્પ વચ્ચે ખૂબ સારા સંબંધ છે. એવામાં અમેરિકન સરકારમાં ભારત પ્રત્યેની નીતિમાં તેમની મહત્ત્વની ભૂમિકા રહેશે. એવામાં જોવાનું રહેશે કે તેઓ ભારત અને અમેરિકાના સંબંધો ફરી મજબૂત કરવા કેવા નિર્ણય લે છે.

નોંધનીય છે કે ભારત છેલ્લા ઘણા સમયથી રશિયાથી મોટા પ્રમાણમાં ઓઈલની આયાત કરે છે. જે અમેરિકાને પસંદ નથી. અમેરિકાના પ્રમુખ આ મામલે ભારતને અગાઉ પણ ધમકીઓ આપી ચૂક્યા છે. એવામાં ભારત અને અમેરિકાની ટ્રેડ ડીલ પણ અટકી પડી છે. અમેરિકાએ ભારતના સામાન પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હે. આટલું જ નહીં અમેરિકન સરકાર હવે રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફની ધમકી આપી રહી છે. જેની સૌથી વધુ અસર ભારતની સાથે સાથે ચીન અને બ્રાઝિલ પર થશે.

## વન વિભાગમાં ચિંતાની લહેર પ્રસરી

# પાદરા પંથકમાં ૩ મગરોના મોતથી સનસનાટી મચી



(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા,તા.૧૦**

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મગરોના રહસ્યમય રીતે મોતના સમાચાર સામે આવતા પશુ પ્રેમીઓ અને વન વિભાગમાં ચિંતાની લહેર પ્રસરી છે.

પાદરાના અલગ-અલગ ત્રણ ગામોમાં ત્રણ મગરોના શંકાસ્પદ મોત થતા અનેક સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી મુજબ, પાદરાના આમળા, મોભા અને સાદળ ગામમાં મગરો મૃત હાલતમાં મળી આવ્યા હતા. એકસાથે ટૂંકા અંતરાલમાં ત્રણ મગરોના મોત થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. ઘટનાની જાણ થતા જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. વન વિભાગ દ્વારા ત્રણેય મૃત મગરોનો કબજો મેળવી તેમને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. મગરોના મોત કુદરતી છે કે પછી કોઈ ઝેરી પદાર્થ અથવા અન્ય માનવસર્જિત કારણોસર થયા છે, તે પીએમ રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે. વડોદરા જિલ્લો મગરોના વસવાટ માટે જાણીતો છે, ત્યારે પાદરાના ગ્રામ્ય વિસ્તારોમાં થયેલા આ મોત પાછળ કોઈ શિકારની પ્રવૃત્તિ કે પ્રદૂષિત પાણી જવાબદાર છે કે કેમ તે દિશામાં વન વિભાગે ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:**

**દિપક સોલંકી**

**98796 87316**

## જ્વેલરી કંપનીમાં શંકાસ્પદ આગ લાગતા કૂતુહલ સર્જાયું

# બંધ હાલતમાં પડેલી નીરવ મોદીની કંપનીમાં આગ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૧૦**

દેશના ભાગેડુ ઉદ્યોગપતિ નીરવ મોદીની સુરતની બંધ જ્વેલરી કંપનીમાં શંકાસ્પદ આગ લાગતા કૂતુહલ સર્જાયું છે. મોડી રાતે આગ લાગી હતી, જેમા બીજા દિવસે ગ્રાઉન્ડ ફ્લોરની આગે પહેલા માળને ઝપેટમાં લીધો હતો. જેના બાદ ફાયર વિભાગે ૬ કલાકે આગને કાબૂમાં લીધી હતી. આ આગમાં દસ્તાવેજો સહિત બધુ જ બળીને ખાખ થયું છે. પરંતું સવાલ એ છે કે, આખરે બંધ કંપનીમાં આગ લાગી કેવી રીતે.

સચિન જીઈઢમાં સીલ કરેલી નીરવ મોદીની કંપનીમાં મોડી રાતે આગ લાગવાનો બનાવ બન્યો હતો. મોડી રાતે કંપનીમાં રહસ્યમય સંજોગોમાં આગ લાગી હતી. પહેલા ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હતી. જે બાદમાં પહેલા માળ સુધી પહોંચી હતી. સતત બે દિવસ સુધી લાગેલી બંધ કંપનીમાં લાગેલી આગમાં દસ્તાવેજો બળીને ખાખ થયા છે. ત્યારે આ આગ અનેક સવાલ પેદા કરી રહી છે. આખરે બંધ કંપનીમાં આગ કેવી રીતે લાગી.

આગના અકસ્માતની આડમાં પુરાવા નષ્ટ કરવાની પ્રયાસ કરાયો હોય તેવી આશંકા છે. આ આગમાં મહત્વના દસ્તાવેજો, કાગળનો જથ્થો ઈલેક્ટ્રીક વાયરીંગ, ફર્નિચર, એસી કોમ્પ્યુટર, તિજોરી સહિતનો માલ સામાન બળીને ખાખ થયો છે. સદનસીબે કંપની બંધ હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી. કંપની કસ્ટમ નિયમોના કારણે સીલ થઈ હોવાથી બંધ હાલતમાં હતી. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. પાંચ થી છ કલાકની કામગીરી બાદ આગ કાબુમાં આવી છે. આ કંપની ભાગેડુ હીરા ઉદ્યોગપતિ નીરવ મોદીની છે. આગે અનેક શંકાઓ ઊભી કરી છે. આ કંપની ઈઢ દ્વારા સીલ કરવામાં આવતા વર્ષોથી બંધ છે. અહીંના વીજળી, પાણી, ડ્રેનેજ સહિતના બધા કનેક્શન કાપેલા હોવા છતાં આગ લાગી કેવી રીતે લાગી તે સૌથી મોટા સવાલ ઊભો થાય છે. આગ લાગી કે લગાવવામાં આવી તે પણ એક મોટો સવાલ છે. પહેલા ગુરુવારે મોડી રાતે આગ લાગી હતી. જેના બાદ આગ ફેલાઈ હતી, તેને બુઝાવવાની કામગીરી કરવામાં આવી હતી. પરંતુ શુક્રવારે ફરીથી આગ લાગી હતી, અને તેને વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેમાં બધુ નષ્ટ થઈ ગયુ હતું. આ આગ પુરાવા નષ્ટ કરવા માટે લગાડાઈ હોવાનું વધુ ચર્ચાઈ રહ્યું છે. આખરે બંધ કંપનીમાં એવા તો કયા પુરાવા હતા, જેને નષ્ટ કરવા માટે આવું કરાયું અને આવું કોણે કર્યું તે મોટો સળગતો સવાલ છે.

## રાજુલા-મહુવા રોડ પર ટ્રાફિકના દ્રશ્યા

# ડુંગર ફાટક પર ગુડ્સ ટ્રેન ખોટકાતા વાહનચાલકો પરેશાન



(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમરેલી,તા.૧૦**

અમરેલી જિલ્લાના રાજુલા-મહુવા ડુંગર રોડ પર આવેલા રેલવે ફાટક પર આજે એકાએક ગુડ્સ ટ્રેન (માલગાડી) બંધ પડી જવાની ઘટના સામે આવી છે. ટેકનિકલ કારણોસર ટ્રેન બરાબર ફાટક વચ્ચે જ ઉભી રહી જતાં બંને બાજુ વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી. આ અચાનક સર્જાયેલી સમસ્યાને કારણે રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને મુસાફરો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ઓફિસ જતાં નોકરિયાતો અને શાળા-કોલેજ જતાં વિદ્યાર્થીઓ સમયસર પહોંચી શક્યા ન હતા, જેના કારણે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. આ ઘટનાને પગલે અંદાજે ૩૦ મિનિટ સુધી રેલવે ફાટક બંધ રહ્યો હતો. ટ્રેનના ચાલક અને રેલવેના ટેકનિકલ સ્ટાફ દ્વારા ખામી સુધારવા માટે ત્વરિત પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. અડધા કલાકની જહેમત બાદ ટ્રેન ફરી શરૂ થતાં ફાટક ખોલવામાં આવ્યો હતો અને ટ્રાફિક પૂર્વવત્ થયો હતો. જોકે, ટૂંકા ગાળા માટે સર્જાયેલા આ જામને કારણે મુખ્ય માર્ગ પર વાહનોનો મેળો જામ્યો હતો. રેલવે વિભાગ દ્વારા આ પ્રકારની ટેકનિકલ સમસ્યાઓ ભવિષ્યમાં ન સર્જાય તે માટે યોગ્ય તપાસની ખાતરી આપવામાં આવી છે.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

### સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં મલ્લખંભ કેવી રીતે ઓળખ અને આત્મવિશ્વાસનો માર્ગ બની રહ્યો છે

# દીવ ખાતે ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬માં પ્રથમ વખત છ છોકરાઓ અને છ છોકરીઓએ દાનહ અને દમણ-દીવનું પ્રતિનિધિત્વ કર્યું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ, તા. ૧૦**

દાનહ અને દમણ-દીવના આદિવાસી કેન્દ્રોમાં, જ્યાં રમત લાંબા સમયથી રોજિંદા અસ્તિત્વ માટેના સંઘર્ષથી ઢંકાયેલી છે, મલ્લખંભ શાંતિથી પરિવર્તનની વાર્તા લખી રહ્યું છે. એક સમયે ખુલ્લા મેદાનો અને ખેતરોમાં પ્રેક્ટિસ કરવામાં આવતી, પરંપરાગત ભારતીય રમત શિસ્ત આજે પ્રદેશના કેટલાક સૌથી સંસાધન અછત ધરાવતા સમુદાયોના બાળકો માટે આત્મવિશ્વાસ, આકાંક્ષા અને સામાજિક પરિવર્તનનું વાહન બની ગઈ છે.

આ ચળવળના કેન્દ્રમાં મલ્લખંભ કોચ શુભમ મેર છે, જેઓ ૨૦૧૯-૨૦માં મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાંથી આવ્યા હતા અને ખાનવેલ ગ્રામ પંચાયત દ્વારા કરારના આધારે નિયુક્ત કરવામાં આવ્યા હતા. શુભમ ખાનવેલ વિભાગના શેલ્ટી ગામમાં સ્થિત મલ્લખંભ એકેડેમીમાં મુખ્ય કોચ તરીકે કામ કરે છે.

જ્યારે શુભમ નાયરે કેન્દ્ર શાસિત પ્રદેશમાં પોતાનું કામ શરૂ કર્યુ, ત્યારે તેમને કઠોર વાસ્તવિક્તાઓનો સામનો કરવો પડ્યો. કોઈ તાલીમ સુવિધાઓ નહીં, કોઈ સાધનો નહીં અને કોઈ સલામતી માળખાગત સુવિધા નહીં. 'પહેલા દિવસે કંઈ નહોતું.બાળકો ડાંગરના ખેતરોમાં, ખાલી જમીન પર તાલીમ લેતા હતા અને ક્યારેક ઝાડ પર પણ ચઢતા હતા. અમારી પાસે કોઈ થાંભલા નહોતા, કોઈ સાદડી નહોતી, કોઈ તેલ કે પાવડર નહોતો. અમારી પાસે જે હતું તે શીખવાની અસાધારણ ભૂખ હતી.

મોટાભાગના બાળકોએ પહેલાં ક્યારેય મલ્લખંભ વિશે સાંભળ્યું ન હતું. ખેતરોમાં કામ કરતા અને દૈનિક મજૂર તરીકે કામ કરતા આદિવાસી પરિવારોમાંથી આવતા, રમતગમતને ભાગ્યે જ કારકિર્દીના વિકલ્પ તરીકે જોવામાં આવતી હતી. જ્યાં દિવસમાં બે ભોજનની વ્યવસ્થા કરવી ઘણીવાર એક પડકાર હોય છે, ત્યાં માળખાગત તાલીમ એક દૂરની લક્ઝરી લાગતી હતી.

૨૦૧૯-૨૦માં, શુભમ ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ પહેલા તૈયારી શિબિર માટે પંચકુલા (હરિયાણા) ગયા ત્યારે એક નિર્ણાયક પરિવર્તન આવ્યું. ત્યારબાદ, ધ્યાન સ્પષ્ટ હતું ઉભરતા ખેલાડીઓને સ્પર્ધાત્મક અનુભવ પૂરો પાડવો જેમને રાષ્ટ્રીય સ્તરે ભાગ્યે જ તકો મળે છે. તાત્કાલિક ધ્યેય મેડલ નહીં, પરંતુ અનુભવ હતો- બાળકોને સ્પર્ધાત્મક વાતાવરણમાં પરિચય કરાવવો અને આત્મવિશ્વાસને કુદરતી રીતે વિકસાવવા દેવાનો. ત્યારબાદ આ પ્રયાસને સતત સંસ્થાકીય સમર્થન દ્વારા મજબૂત બનાવવામાં આવ્યો છે.

શ્રી અરુણ ગુપ્તા, સંયુક્ત સચિવ યુવા બાબતો અને રમતગમત દાનહ અને દમણ-દીવ, એ વાત પર ભાર મૂક્યો કે આદિવાસી રમતગમત વિકાસ કેન્દ્ર શાસિત પ્રદેશમાં, ખાસ કરીને દાદરા નગર હવેલીમાં, જ્યાં ૫૦ ટકાથી વધુ વસ્તી આદિવાસી સમુદાયોની છે, મુખ્ય પ્રાથમિકતા છે.

શ્રી અરૂણ ગુપ્તાના જણાવ્યા મુજબ, ખાનવેલ ખાતે કાયમી મલ્લખંભ તાલીમ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યું છે. જ્યારે સેલવાસમાં ખેલો ઈન્ડિયા સ્ટેટ સેન્ટર ઓફ એક્સેલન્સ તીરંદાજી, એથ્લેટિક્સ અને ટેબલ ટેનિસને ટેકો આપે છે. કેન્દ્ર લગભગ ૭૫ ખેલાડીઓને રહેણાંક સુવિધાઓ પૂરી પાડે છે, જેમાંથી મોટાભાગના આદિવાસી પૃષ્ઠભૂમિના છે. તેમણે ઉમેર્યુ કે દાનહ અને દમણ-દીવમાં સ્ટેડિયમ અને ઉચ્ચ પ્રદર્શન સુવિધાઓ સહિત વિશ્વ કક્ષાની રમતગમતની માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે, જે દૂરના પ્રદેશોના યુવા પ્રતિભાઓ માટે માળખાગત માર્ગો બનાવે છે.

શુભમ અને તેના ખેલાડીઓ માટે, આ સમર્થનની અસર પહેલાથી જ દેખાઈ રહી છે. નાસિકથી આવનારા વરિષ્ઠ કોચના માર્ગદર્શનથી તાલીમ પદ્ધતિઓને ઔપચારિક બનાવવામાં મદદ મળી, જ્યારે નિયમિત સ્પર્ધાએ કુશળતાને વધુ તીક્ષ્ણ બનાવી.

ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬માં, શુભમ છ છોકરાઓ અને છ છોકરીઓના જૂથને લઈને આવ્યો છે. ઘણા લોકો પહેલીવાર આ સ્કેલની બહુ-રમતગમતની ઈવેન્ટનો અનુભવ કરી રહ્યા છે. 'જ્યારે બાળકો અહીં સ્પર્ધા કરે છે, ત્યારે તેઓ અનુભવે છે કે તેઓ અન્ય રાજ્યોના રમતવીરોથી અલગ નથી. તે માન્યતા બધુ બદલી નાખે છે. તેમણે કહ્યું. તેમાં ૧૨વર્ષની કાવ્યા પણ છે, જેણે શાળા દરમિયાન મલ્લખંભ શોધી કાઢ્યો હતો. 'જ્યારે તે ધોરણ ૭ માં રજૂ કરવામાં આવ્યું ત્યારે મને



રસ પડ્યો, તેણીએ કહ્યું કે સાહેબે અમને કહ્યું કે સખત મહેનતથી, આપણે કંઈક પ્રાપ્ત કરી શકીએ છીએ.

અગિયાર વર્ષની તૃષા આ ભાવનાને પ્રતિબિંબિત કરે છે. તેના પિતા હોટેલ રસોઈયા તરીકે કામ કરે છે, જ્યારે તેની માતા ઘરનું સંચાલન કરે છે. 'મારા ભાઈ-બહેનો મલ્લખંભનો અભ્યાસ કરતા નથી, પણ હું કરવા માંગું છું. તેણીએ શરમાતા હસતાં કહ્યું આ છોકરીઓ માટે, મલ્લખંભ ફક્ત શારીરિક કસરત નથી. તે ઓળખ અને આત્મવિશ્વાસનો માર્ગ છે છતાં પડકારો ચાલુ રહે છે. મહિલા કોચનો અભાવ છોકરીઓની ભાગીદારીને પ્રતિબંધિત કરે છે, ખાસ કરીને કારણ કે રમતને તાલીમ દરમિયાન શારીરિક સહાયની જરૂર હોય છે.'ચોક્કસ ઉંમર પછી, પુરુષ કોચ છોકરીઓને તાલીમ આપી શકતા નથી, શુભમે સમજાવ્યું. સામાજિક પરિબળો અને મહિલા કોચની ગેરહાજરીનો અર્થ એ છે કે ઘણી છોકરીઓ ચૂકી જાય છે. આમ છતાં, સંકલ્પ મક્કમ રહે છે. કોચ અને વહીવટકર્તાઓ સમાન તકો સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહ્યા છે. માન્યતા સરળ છતાં શક્તિશાળી છે. પ્રતિભા અસ્તિત્વમાં છે, જ્યાં સંસાધનો નથી ત્યાં પણ.'આ બાળકો પાસે ઘરે સુવિધાઓ ન હોય શકે, શુભમે કહ્યું, પરંતુ તેમની પાસે અપાર ક્ષમતા છે. માર્ગદર્શન અને તક સાથે, તેઓ ખૂબ આગળ વધી શકે છે.



દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાઈ રહેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં સહભાગી થવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સોમનાથ આવી પહોંચતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

### સુરત પોલીસને એક મોટી સફળતા મળી

# વોન્ટેડ કુખ્યાત ઈરાની ગેંગનો સૂત્રધાર રાજુ ઈરાની ઝડપાયો

**રાજુ ઇરાની એજન્સીઓની નજરમાં હતો, તેની શોધખોળ અનેક રાજ્યોની પોલીસ દ્વારા કરવામાં આવી રહી હતી**




(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૧૦**

સુરત પોલીસને એક મોટી સફળતા મળી છે. સુરત પોલીસ દ્વારા કુખ્યાત ઈરાની ગેંગના સરદાર રાજુ ઈરાનીને ઝડપી લેવામાં આવ્યો છે. આ ધરપકડ એક ગંભીર ગુનાહિત પ્રવૃત્તિના સંદર્ભમાં કરવામાં આવી છે. પોલીસ સૂત્રો અનુસાર રાજુ ઈરાની લાંબા સમયથી સુરક્ષા એજન્સીઓની નજરમાં હતો. તેની શોધખોળ અનેક રાજ્યોની પોલીસ દ્વારા કરવામાં આવી રહી હતી.

રાજુ ઈરાની સામે સમગ્ર દેશમાં ૨૦ કરતાં વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે, જેમાં લૂંટ, ખંડણી, બિનકાયદેસર હથિયારોની હેરાફેરી, ધમકી અને ગુનાહિત કાવતરાં સહિતના અનેક ગુનાઓનો સમાવેશ થાય છે. સુરત પોલીસ દ્વારા તેની ધરપકડ બાદ પૂછપરછ દરમિયાન અનેક મોટા ખુલાસા થવાની શક્યતા છે.

ધરપકડ બાદ સુરત પોલીસે રાજુ ઈરાનીના રિમાન્ડ મંજૂર કરાવી તેની પૂછપરછ શરૂ કરી છે. તપાસ એજન્સીઓ તેની મદદ કરનાર વ્યક્તિઓ, સહયોગીઓ અને ફંડિંગના સ્ત્રોતો વિશે માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહી છે. સાથે સાથે પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે ગેંગ દેશના કયા રાજ્યોમાં સક્રિય હતી અને કયા પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી હતી.

સૂત્રો અનુસાર ઈરાની ગેંગનું નેટવર્ક દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલું છે. રાજુ ઈરાની પર સંગઠિત રીતે ગેંગ ચલાવવાનો અને યુવાનોને ગેંગમાં સામેલ કરવાનો આરોપ છે. પોલીસને આશંકા છે કે પૂછપરછ દરમિયાન ફરાર આરોપીઓ તેમજ ગેંગના અન્ય મોટા માથાઓ સુધી પહોંચવામાં મદદ મળશે. આ ઉપરાંત ગેંગ કોની છત્રછાયા હેઠળ ચાલતી હતી અને તેના સહયોગીઓ કોણ હતા તે સહિતના અનેક પાસાઓનો પણ ખુલાસો થવાની સંભાવના છે.

# ગુજરાત પોલીસ ભરતીઃ પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને લોકરક્ષક દળની શારીરિક કસોટીના કોલ લેટર ૨૧મીથી ડાઉનલોડ શરૂ થશે




**ભરતી બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી વિગતો મુજબ, વર્ગ-૩ સંવર્ગની કુલ ૧૩,૫૯૧ જેટલી જગ્યાઓ ભરાશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૧૦**

ખાખી વર્દી પહેરીને દેશસેવા કરવા થનગની રહેલા લાખો યુવાનો માટે અત્યંત મહત્વના અને રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્યમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ (LRD) ની ભરતી પ્રક્રિયાને વેગ આપતા શારીરિક કસોટી માટેનું સત્તાવાર સમયપત્રક જાહેર કરી દેવામાં આવ્યું છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે અને હવે મેદાન પર પરસેવો પાડવાનો સમય પાકી ગયો છે.

ભરતી બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલી વિગતો મુજબ, વર્ગ-૩ સંવર્ગની કુલ ૧૩,૫૯૧ જેટલી જંગી જગ્યાઓ ભરવા માટે આ મહાભરતી યોજાઈ રહી છે. જાહેરાત ક્રમાંક GPRB/202526/1 અન્વયે, આગામી તારીખ ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી સમગ્ર રાજ્યમાં શારીરિક કસોટીનો પ્રારંભ થશે. આ માટે ઉમેદવારોએ અગાઉથી પોતાના કોલ લેટર મેળવી લેવાના રહેશે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ઉમેદવારો તારીખ ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યાથી ઓનલાઈન માધ્યમથી પોતાના કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.

શારીરિક કસોટી એ પોલીસ ભરતી પ્રક્રિયાનો સૌથી મહત્વનો અને પ્રથમ તબક્કો છે. જે ઉમેદવારો દોડ અને શારીરિક માપદંડોમાં સફળ થશે, માત્ર તેઓ જ આગળની લેખિત પરીક્ષા માટે લાયક ગણાશે. શિયાળાની ગુલાબી ઠંડીમાં વહેલી સવારે દોડનું આયોજન કરવામાં આવશે, તેથી ઉમેદવારોને નિર્ધારિત સમયે ગ્રાઉન્ડ પર હાજર રહેવા તાકીદ કરવામાં આવી છે. પરીક્ષામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે બોર્ડ દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. ઉમેદવારોનો સમય ચોકસાઈથી માપવા માટે RFID ચીપ અને મેદાન પર ચાંપતી નજર રાખવા માટે CCTV કેમેરાનો ઉપયોગ થશે. ઉમેદવારોએ પરીક્ષા સ્થળે જતી વખતે કોલ લેટરની પ્રિન્ટ સાથે અસલ ઓળખનો પુરાવો જેમ કે આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ કે ડ્રાઈવિંગ લાયસન્સ સાથે રાખવું ફરજિયાત છે.

આ ઉપરાંત, તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ પણ સાથે રાખવા હિતાવહ છે. બોર્ડે ઉમેદવારોને સોશિયલ મીડિયા પર ચાલતી ખોટી અફવાઓથી દૂર રહીને માત્ર સત્તાવાર વેબસાઈટ પર આવતી સૂચનાઓને અનુસરવા અપીલ કરી છે.

# સુરતનાઅમરોલીમાં અસામાજિક તત્વોનું જાહેરમાં સરઘસ કાઢી પોલીસ દ્વારા કાયદાનું ભાન કરાવવામાં આવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૧૦**

સુરતના અમરોલી વિસ્તારમાં આવેલી જે. ઝેડ. શાહ કોલેજમાં રોફ જમાવવા માટે મારામારી કરનારા અસામાજિક તત્વોને પોલીસ દ્વારા કાયદાનું ભાન કરાવવામાં આવ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા મારામારીના વીડિયોના આધારે કાર્યવાહી કરી છે. પોલીસે આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી તેમની પાસે માફી મંગાવી હતી.

અમરોલીની જે. ઝેડ. શાહ કોલેજના કેમ્પસમાં થોડા દિવસો પૂર્વે કેટલાક શખ્સોએ જાહેરમાં મારામારી કરી આતંક મચાવ્યો હતો. પોતાનું વર્ચસ્વ જમાવવા અને ભયનો માહોલ ઉભો કરવાના ઈરાદે કરવામાં આવેલી આ મારામારીનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયોમાં આરોપીઓ બેફામ બનીને મારપીટ કરતા નજરે પડ્યા હતા, જેના કારણે વિદ્યાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

વીડિયો વાયરલ થતા જ અમરોલી પોલીસ એક્શનમાં આવી હતી. પોલીસે તપાસનો ધમધમાટ તેજ કરી આતંક મચાવનાર ત્રણેય મુખ્ય આરોપીઓ આર્યન રબારી, ઋત્વિક ઉર્ફે રીંકલ રબારી અને આદિત્ય રબારીની ધરપકડ કરી હતી. પોલીસે અસામાજિક તત્વોમાં કાયદાનો ડર બેસાડવા માટે આરોપીઓને જે-તે ઘટના સ્થળે લઈ જઈ, તેમનો 'વરઘોડો' કાઢ્યો હતો. પોલીસે આ ત્રણેય પાસે જાહેરમાં કાન પકડાવી માફી મંગાવી હતી. જે શખ્સો કોલેજમાં રોફ જમાવતા હતા, તેમની હાલત જોઈ લોકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે.



# સુરતના રાંદેરમાં આરોગ્ય વિભાગની તવાઈ, અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૧૦**

સુરત શહેરના રાંદેર વિસ્તારમાં ખાણી-પીણીની લારીઓ પર આરોગ્ય વિભાગ દ્વારા અચાનક રેડ કરીને મોટા પાયે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ખાસ કરીને પાણીપુરીના વિક્રેતાઓ દ્વારા ગંદકી વચ્ચે અને અખાદ્ય સામગ્રીનો ઉપયોગ કરવામાં આવતો હોવાની બૂમો ઉઠતા પાલિકાની ટીમે સપાટો બોલાવ્યો હતો. આ દરમિયાન અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

રાંદેર વિસ્તારમાં આવેલી પાણીપુરીની અલગ-અલગ લારીઓ પર તપાસ દરમિયાન આરોગ્ય વિભાગને ચોંકાવનારી વિગતો મળી હતી. અનેક લારીઓ પર પાણીપુરીમાં વપરાતા પાણીની ગુણવત્તા અત્યંત ખરાબ અને




બિનઆરોગ્યપ્રદ હોવાનું માલૂમ પડ્યું હતું. આ ઉપરાંત, પાણીપુરીમાં ભરવામાં આવતા બટાકાના માવામાં પણ દુર્ગંધ અને વાસી હોવાનું જણાતા, અધિકારીઓએ સ્થળ પર જ તમામ અખાદ્ય સામગ્રીનો નાશ કર્યો હતો.

આરોગ્ય વિભાગની ટીમે રાંદેરના વિવિધ પોઈન્ટ્સ પરથી સેંકડો લીટર દૂષિત પાણી ફેંકી દીધું હતું અને બટાકા સહિતની સામગ્રીને કચરાગાડીમાં ભરી નિકાલ કર્યો હતો. પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, રોગચાળો ન ફેલાય તે હેતુથી આ કાર્યવાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ સુરત શહેરના અન્ય વિસ્તારોમાં આ પ્રકારનું ચેકિંગ ચાલુ રાખવામાં આવશે, અને જે વેપારીઓ ગંદકી રાખશે તેમની સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.